dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 51 । AD - 2026, Kartak Sud-15 । Tuesday, Dt. 24-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

ભારત-નેપાળ વચ્ચે આઠ મહત્વપૂર્ણ કરાર થયા

ભારત નેપાળને ૨૪ હજાર કરોડ રૂપિયાની વિકાસ સહાય આપશે

નવી દિલ્હી, તા.૨૩

નેપાળના પ્રધાનમંત્રી બન્યા બાદ પ્રથમ દ્વિપક્ષીય મુલાકાતે ભારત આવેલા બાલેન્દ્ર શાહનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે બંને દેશોના વડાઓ વચ્ચે મહત્વપૂર્ણ દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભારત અને નેપાળ વચ્ચેના સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા ઉપરાંત વિકાસ, વેપાર, ઊર્જા અને માળખાકીય સુવિધાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.વડાપ્રધાન મોદીએ ઓગસ્ટ મહિનામાં નેપાળમાં આવેલા વિનાશક પૂરને કારણે થયેલી જાનહાનિ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. સાથે જ મુશ્કેલ સમયમાં ભારત નેપાળની સાથે ઊભું હોવાની ખાતરી આપી હતી. તેમણે નેપાળના પુનર્નિર્માણ અને લાંબા ગાળાના વિકાસને વેગ આપવા માટે ૨૪ હજાર કરોડ નેપાળી રૂપિયાના વિકાસ સહાય પેકેજની જાહેરાત કરી હતી. આ સહાયનો હેતુ પૂરગ્રસ્ત પરિવારોનું જીવન પુનઃસ્થાપિત કરવા, નવી તકો ઊભી કરવા અને ભવિષ્યમાં કુદરતી આફતોનો સામનો કરવાની નેપાળની ક્ષમતા વધારવાનો છે.વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ભારત અને નેપાળ વચ્ચેના સંબંધો માત્ર પડોશી દેશો પૂરતા મર્યાદિત નથી, પરંતુ બંને દેશો વચ્ચે પારિવારિક સંબંધો અને અતૂટ વિશ્વાસ છે. બંને દેશો સુખ અને મુશ્કેલીઓમાં એકબીજાના ભાગીદાર રહ્યા છે. નેપાળના લોકોએ બાલેન્દ્ર શાહને આપેલો ઐતિહાસિક



જનાદેશ નવી પેઢીની આશા અને આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે.બાલેન્દ્ર શાહની મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે અવકાશ ટેકનોલોજી, સુરક્ષા તાલીમ, સરકારી કર્મચારીઓની તાલીમ, આરોગ્ય, પરંપરાગત ચિકિત્સા, ટકાઉ શહેરી વિકાસ અને કૃષિ સહિતના ક્ષેત્રોમાં આઠ સમજૂતી કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ઈસરો અને નેપાળના માહિતી તથા સંચાર મંત્રાલય વચ્ચે ઉપગ્રહ સંચાર નેટવર્ક વિકસાવવા કરાર કરવામાં આવ્યો હતો. ફોરેન્સિક વિજ્ઞાન, પોલીસ તાલીમ અને સરકારી કર્મચારીઓની કાર્યક્ષમતા વધારવા માટે પણ સહયોગ નક્કી થયો હતો.બંને દેશોએ સરહદ પાર જોડાણ, ઊર્જા અને માળખાકીય સુવિધાઓ સંબંધિત છ મોટા પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. અયોધ્યા અને જનકપુર વચ્ચે સરયુ-કમલા એક્સપ્રેસ રેલ સેવા શરૂ કરવામાં આવી હતી. ધારચુલા અને દારચુલાને જોડતા મોટર વાહન વ્યવહાર માટેના નવા પુલનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.ઊર્જા ક્ષેત્રે ૬૬૯ મેગાવોટના લોઅર અરુણ જળવિદ્યુત પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. મોતીહારી-અમલેખગંજ પાઇપલાઇનના બીજા તબક્કાનું રાષ્ટ્રને સમર્પણ કરાયું હતું. ઝાપામાં પેટ્રોલિયમ ટર્મિનલનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત બનબાસામાં નવી સંકલિત ચેકપોસ્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.નેપાળના પ્રધાનમંત્રી બાલેન્દ્ર શાહ રવિવારે બે દિવસીય ભારત મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમણે રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને ત્યારબાદ રાષ્ટ્રપતિ ભવન ખાતે તેમનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. માર્ચ ૨૦૨૬માં પદ સંભાળ્યા બાદની આ તેમની પ્રથમ દ્વિપક્ષીય ભારત મુલાકાત છે.

HVP રસીકરણમાં ભારતની ઐતિહાસિક સિદ્ધિ : ૧૦ મિલિયનથી વધુ ડોઝ અપાયા

નવી દિલ્હી, તા.૨૩

ભારતે સર્વાઇકલ કેન્સર સામેની લડાઈમાં મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. દેશમાં અત્યાર સુધીમાં માનવ પેપિલોમાવાયરસ (એચપીવી) રસીના ૧૦ મિલિયનથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. રાષ્ટ્રીય સ્તરે શરૂ કરાયેલા આ અભિયાનમાં માત્ર નવ મહિનાથી ઓછા સમયમાં વાર્ષિક લક્ષ્યના આશરે ૮૭ ટકા રસીકરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ સોશિયલ મીડિયા પર



આ માહિતી આપતાં આ સિદ્ધિ બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગુજરાત, ઉત્તર પ્રદેશ, આંધ્રપ્રદેશ, મિઝોરમ, મધ્યપ્રદેશ અને બિહાર સહિત છ રાજ્યોએ ૧૦૦ ટકા રસીકરણનું લક્ષ્ય પૂર્ણ કર્યું છે. જ્યારે અન્ય ૧૨ રાજ્યોએ ૮૦ ટકાથી વધુ કામગીરી કરી છે. સરકારી આરોગ્ય કેન્દ્રો અને યુ-વિન પ્લેટફોર્મ દ્વારા ૧૪ વર્ષ અને તેથી વધુ ઉંમરની પાત્ર છોકરીઓને મફત રસી આપવામાં આવી રહી છે.વડાપ્રધાન મોદીએ આ સિદ્ધિને આવકારતાં જણાવ્યું હતું કે રસીનો દરેક ડોઝ દીકરીઓને સર્વાઇકલ કેન્સરથી બચાવવા અને તેમનું સ્વસ્થ ભવિષ્ય સુનિશ્ચિત કરવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં શરૂ થયેલા આ અભિયાનનું વાર્ષિક લક્ષ્ય આશરે ૧૨ મિલિયન છોકરીઓને આવરી લેવાનું છે. રસીકરણથી દેશમાં સર્વાઇકલ કેન્સરમુક્ત ભવિષ્યની આશા મજબૂત બની છે.

ભારત સાથે દ્વિપક્ષીય વાતચિત કરવા માટે પાકિસ્તાન તૈયાર : મંત્રી મુસાદિક મસૂદ મલિક

નવી દિલ્હી, તા. ૨૩

પાકિસ્તાને ફરી એકવાર ભારત સાથે દ્વિપક્ષીય વાતચીત કરવાની અપીલ કરી છે. દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા પાકિસ્તાની મંત્રી મુસાદિક મસૂદ મલિકે જણાવ્યું હતું કે પાકિસ્તાન ભારત સાથે તમામ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા તૈયાર છે અને ભારત જ્યારે પણ આમંત્રણ આપશે ત્યારે પાકિસ્તાન વાતચીત માટે આવશે. આતંકવાદના મુદ્દે તેમણે બંને દેશોને પોતાના પુરાવા રજૂ કરીને ચર્ચા કરવાની



વાત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે પાકિસ્તાને અનેક વખત આતંકવાદના મુદ્દે ચર્ચાની ઓફર કરી છે.મુસાદિક મલિક ૨૦થી ૨૨ નવેમ્બર દરમિયાન યોજાયેલા આંતરરાષ્ટ્રીય મંચમાં ભાગ લેવા ભારત આવ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ આતંકવાદ અંગેના પ્રશ્નોના સીધા જવાબ આપવાનું ટાળતા જોવા મળ્યા હતા અને પાકિસ્તાનને પણ આતંકવાદનો ભોગ બનનાર દેશ ગણાવ્યો હતો.દરમિયાન કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે પાકિસ્તાની મંત્રીની અપીલનો જવાબ આપતા જણાવ્યું હતું કે ભારત-પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય વાતચીત ત્યારે જ શરૂ થઈ શકે જ્યારે પાકિસ્તાન પોતાની ધરતી પર રહેલા આતંકવાદી માળખાનો સંપૂર્ણ નાશ કરે. આતંકવાદી શિબિરો અને તાલીમ કેન્દ્રો ચાલુ રાખીને વાતચીતની અપેક્ષા રાખી શકાય નહીં. કોઈ પણ દેશ માથા પર બંદૂક રાખીને વાટાઘાટો કરવા તૈયાર ન થાય તેમ તેમણે સ્પષ્ટ કર્યું હતું.

દશાશ્વમેધ ઘાટ પર ૨૧ બ્રાહ્મણો મહાઆરતી કરશે

દેવ દિવાળીએ કાશીના ઘાટ ૧૧ લાખ દીવાઓથી ઝળહળશે

લખનૌ, તા.૨૩

કાશીમાં ૨૪ નવેમ્બરના રોજ દેવ દિવાળીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૧૧ લાખ દીવા પ્રગટાવવાની તૈયારીઓ કરવામાં આવી છે. સાંજે ૫:૧૫ વાગ્યે દીપ પ્રાગટ્યનો કાર્યક્રમ શરૂ થશે, જે ૫:૪૫ વાગ્યા સુધી ચાલશે. ત્યારબાદ સાંજે ૬થી ૭ વાગ્યા દરમિયાન મુખ્ય ઘાટો પર ગંગા આરતી યોજાશે.



દશાશ્વમેધ ઘાટ પર ૨૧ બ્રાહ્મણો મહાઆરતી કરશે, જેમાં ભજન સમ્રાટ અનુપ જલોટા ભજન રજૂ કરશે. સાંજે ૭:૨૦ વાગ્યે ચેત સિંહ કિલ્લા પર ૩D પ્રોજેક્શન અને લેસર શો યોજાશે. રાત્રે ૮ વાગ્યે ડ્રોન શો અને ૮:૩૦ વાગ્યે લીલા ફટાકડાનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તો અને પ્રવાસીઓની સુવિધા માટે સુરક્ષા, સ્વચ્છતા અને ટ્રાફિકની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ગયા વર્ષે પણ લાખો દીવાઓથી કાશીના ઘાટ ઝળહળી ઉઠ્યા હતા અને ૪૦ દેશોના પ્રવાસીઓએ આ ઉત્સવ નિહાળ્યો હતો.

બિહારમાં નીતિશ સેતુ પર પોસ્ટર ફાડવાના મામલે ત્રણની ધરપકડ

પટણા, તા. ૨૩


બિહારમાં નીતિશ સેતુના ઉદ્ઘાટન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના પોસ્ટર ફાડીને હોબાળો મચાવવાના મામલે પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે ૧૧ લોકો સામે ગુનો નોંધ્યો છે અને ૧૦૦થી વધુ અજાણ્યા લોકો સામે પણ ફરિયાદ દાખલ કરી છે. વાયરલ વીડિયો આધારે



વૈશાલી પોલીસે કાર્યવાહી કરી હતી. ધરપકડ કરાયેલા ધીરજ કુમાર, પ્રમોદ કુમાર અને ગૌતમ કુમાર ત્રણેય સગીર હોવાનું જાણવા મળ્યું છે. આ પુલનું નામ બદલવા મુદ્દે આરજેડી અને ભાજપ વચ્ચે રાજકીય વિવાદ પણ વકર્યો છે.







સમસ્ત લેઉવા પટેલ સમાજ, શુભમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

લાઠી ખાતે સમૂહ લગ્નોત્સવ યોજાયો, ૮ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા







લાઠી,તા.૨૩

ખોડલધામ પ્રેરિત સમસ્ત લેઉવા પટેલ સમાજ અને શુભમ ચેરીટેબલ ટ્રસ્ટ લાઠી દ્વારા ૧૩મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમા ૮ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડી જીવનની શરૂઆત કરી હતી. આ સમૂહ લગ્નોત્સવમાં જિલ્લાના સમાજના રાજસ્વી,મહાનુભાવો હાજર રહી નવદંપતીઓને આર્શીવાદ પાઠવ્યા હતા. લગ્ન સમારોહમાં શુભમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ રક્તદાન કર્યુ હતુ. આ લગ્નોત્સવમાં શિવરાજભાઈ પટેલ, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, બાબુભાઈ રાખોલીયા, બાવકુંભાઈ ઉંઘાડ, રસીકભાઈ કિકાણી, દેવચંદભાઈ વસોયા, વિપુલભાઈ પાટીદાર, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, અશોકભાઈ ભાદાણી, કાળુભાઈ સુહાગીગા, સરલાબેન ગજેરા સહિતના હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત દામજીભાઈ ડાયાણીએ કર્યુ હતુ. આભારવિધી એમ.પી. રામાણીએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન હરેશભાઈ કાવાણીએ કર્યુ હતુ. સમૂહલગ્નોત્સવને સફળ બનાવવા માટે વિનુભાઈ ભાતીયા અને સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી.

અમરેલી જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકો પર ભાજપના નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમો યોજાયા



અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા નૂતન વર્ષની ઉજવણી નિમિત્તે જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકો પર સ્નેહમિલન કાર્યક્રમો યોજાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ કાર્યકરોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી. ધારી-બગસરા બેઠકનો કાર્યક્રમ ચલાલાની શ્યામવાડી ખાતે યોજાયો હતો, જેમાં ધારાસભ્ય જે.વી. કાકડિયા ઉપસ્થિત રહ્યા હતા. લાઠી-બાબરા બેઠકનો કાર્યક્રમ માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાયો હતો, જેમાં ધારાસભ્ય જનક તળાવિયા જોડાયા હતા. સાવરકુંડલા-લીલીયા બેઠકના કાર્યક્રમમાં સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળા હાજર રહ્યા હતા. રાજુલા-જાફરાબાદ-ખાંભા બેઠકનો કાર્યક્રમ વઢેરા ખાતે વરૂડી માતાજીના મંદિરે યોજાયો હતો, જેમાં ધારાસભ્ય હીરા સોલંકી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


લાઠીના વરસડા-મતીરાળા-કૃષ્ણગઢ રીસર્ફેસીંગ રોડનું રૂ. ૧૧.૧૭ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત સંપન્ન



લાઠી,તા.૨૩

લાઠી તાલુકાના વરસડા–મતીરાળા–કૃષ્ણગઢને જોડતા મહત્વપૂર્ણ માર્ગના રીસર્ફેસીંગ કામનું રૂ. ૧૧.૧૭ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. લાંબા સમયથી માર્ગની ખરાબ હાલતને લઈને ગ્રામજનો દ્વારા રજૂઆતો કરવામાં આવતી હતી. મંજૂરી મળતા હવે વિકાસકાર્યનો પ્રારંભ થયો છે. આ માર્ગના નવીનીકરણથી વરસડા, મતીરાળા, કૃષ્ણગઢ સહિત આસપાસના ગામોના ગ્રામજનોને સારી અને મજબૂત માર્ગ સુવિધા મળશે. વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ અને વાહનચાલકોને અવરજવરમાં સરળતા રહેશે. આ પ્રસંગે જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો, ભાજપના આગેવાનો, સરપંચો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ આ વિકાસકાર્ય બદલ ખુશી વ્યક્ત કરી હતી.

અટારી-વાઘા બોર્ડર પર સાવરકુંડલાનાં યુવાનોની દેશભક્તિભરી મુલાકાત



સાવરકુંડલા તા.૨૩

દેશની સરહદોની સુરક્ષા કરતા જવાનો પ્રત્યે સન્માન અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા સાવરકુંડલાના નિવૃત્ત બીએસએફ હેડ કોન્સ્ટેબલ અતુલભાઈ જાની અને સેવાભાવી યુવાન તથા પત્રકાર અમિતગીરી ગોસ્વામીએ અટારી-વાઘા બોર્ડરની મુલાકાત લીધી હતી. બંનેએ બીએસએફના જવાનોને સેલ્યુટ કરી તેમનો જુસ્સો વધાર્યો હતો. આ દરમિયાન બોર્ડર પર યોજાતી બીટિંગ રિટ્રીટ પરેડ નિહાળી હતી. તેમજ સેકન્ડ-ઈન-કમાન્ડ ગુરદીપસિંઘ અને પરેડ કમાન્ડર સાથે મુલાકાત કરી હતી. અતુલભાઈ જાનીએ બીએસએફમાં ૨૨ વર્ષ સેવા આપી હતી.

પ્રાકૃતિક ખેતીથી સ્વસ્થ જમીન અને ટકાઉ ભવિષ્યનું નિર્માણ કરવા ખેડૂતોને માર્ગદર્શન

હડાળા ગામે યોજાયેલા તાલીમ કાર્યક્રમમાં ૫૦થી વધુ ખેડૂતો જોડાયા, દેશી ગાય આધારિત ખેતી અને મિશ્ર પાક પધ્ધતિ અંગે અપાઈ સમજણ



અમરેલી તા. ૨૩

બગસરા તાલુકાના હડાળા ગામે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના કુલપતિ ડૉ. સી. કે. ટીંબડિયાના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હડાળા સહિત આસપાસના ગામોના ૫૦ થી વધુ ખેડૂતો જોડાયા હતા.કાર્યક્રમમાં કુલપતિ ડૉ. ટીંબડિયાએ પ્રાકૃતિક ખેતીના વૈજ્ઞાનિક આધાર, દેશી ગાય આધારિત ખેતી, જીવામૃત, બીજામૃત અને મિશ્ર પાક પધ્ધતિના ફાયદા સમજાવ્યા હતા. રાસાયણિક, સેન્દ્રિય અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો તફાવત પણ સમજાવ્યો હતો. કોલેજના આચાર્ય ડૉ. એસ. પી. દેશમુખે દેશી બિયારણનું મહત્વ જણાવ્યું હતું. કુલદીપભાઈ દીક્ષિતે ખેડૂત ઉત્પાદન સંગઠન અંગે માહિતી આપી હતી. પ્રગતિશીલ ખેડૂત પ્રવીણભાઈ આસોદરિયાએ પ્રાકૃતિક પેદાશોના માર્કેટિંગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. અંતે પ્રશ્નોત્તરી યોજાઈ હતી. તેમાં ખેડૂતોના પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા હતા.

અમરેલી વિદ્યાસભા ખાતે જ્ઞાનવત્સલ સ્વામીજીનું પ્રેરણાદાયી પ્રવચન



અમરેલી,તા.૨૩

અમરેલીના શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ - વિદ્યાસભા ખાતે બીએપીએસ પરિવાર દ્વારા 'સંસ્કારથી વૈશ્વિકતા સુધી' વિષય પર પરમ પૂજ્ય ડો. જ્ઞાનવત્સલ સ્વામીજીના પ્રેરણાદાયી પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારોની સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી જીવનપ્રેરક વિચારોનો લાભ લીધો હતો.આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ મનસુખભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ સ્વામીજીનું સ્વાગત અને સન્માન કર્યું હતું.પ્રવચન દરમિયાન સ્વામીજીએ સંસ્થામાં વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે ચાલી રહેલી શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. સાથે જ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની નિષ્ઠા અને સેવાભાવને બિરદાવ્યો હતો. સંસ્થાના અગ્રણીઓએ જણાવ્યું હતું કે સ્વામીજીના વિચારો સમાજમાં સંસ્કાર, માનવતા અને નૈતિક મૂલ્યોનું સિંચન કરી લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવશે. કાર્યક્રમની સફળતા બદલ બીએપીએસના સંતો, કાર્યકરો અને સ્વયંસેવકોની સેવાભાવનાને પણ બિરદાવવામાં આવી હતી.

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



Navnit Hero

Near Gopi Cinema, Station Road, Amreli-365601

+91 92899 22254

navnit@heromotocorp.biz

-// જાહેર નોટીસ //-

આથી અમો નીચે સહી કરનાર હરેશ.કે. કોટડીયા (બી.એ.એલ.એલ.બી.એડવોકેટ) સરનામુ - મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે, મું લાઠી તા. લાઠી જી. અમરેલી ના અમો અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે ગામ પીપળવા ના રેવન્યુ સર્વે નં. ૬૩ પૈકી ૨ ની ખેતીની જમીન કે જે જુની શરતની જરાયત પ્રકારની ખેતરનુ નામ ટાંકીવાળુ ખેતર આવેલ ખેડવાણ જમીન હે.આરે.ચો.મી.૧-૬૧-૮૮ જેના ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૯૮૩ થી અમો શ્રી કેસુભાઈ અરજણભાઈ સોનારા તથા સોયબભાઈ હનીફભાઈ મેતરાની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત સર્વે નંબરવાળી કુલ જમીન હે.આરે. ચો.મી. ૧-૬૧-૮૮ બરાબર તેના ઉપરોકત માલીક પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવતા હોય સદરહું ખેડવાણ જમીન કે આ વેચાણ પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, લાગભાગ, હકક હિત, હિસ્સો, દરદાવો, વારસાઈ હકક કે ભરણ પોષણનો હકક કે અન્ય કોઈ હકક હોય કે કોઈ સરકારી અર્ધ સરકારી કે કોઈપણ બેંક અથવા પેઢી, મંડળી કે અન્ય કોઈપણ પ્રકારનુ લેણું, કરજ, બોજો કે જામીનગીરી હોય કે કોઈને આ વેચાણ પરત્વે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ- આંઠ (૮) માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવ્યા પ્રમાણે સરનામે આધાર પુરાવા સહીત વાંધા રજુ કરવા અથવા તો દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિસ્સો, દર દાવો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજીને અમારા અસીલ ચુકતે અવેજ ચુકવી, વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી કબ્જો ભોગવટો સંભાળી લેશે સદરહું ખેતીની જમીન ખરીદ કરશે અને પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી, જેની તમામે નોંધ લેવી.

મારા અસીલોની સુચના અને ફરમાઈશથી.....

હરેશ કે. કોટડીયા (એડવોકેટ)
૯૮૭૫૦ ૬૨૦૮૮
મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે, મું.લાઠી, તા.લાઠી,જી. અમરેલી

સ્થળઃલાઠી
તારીખઃ૨૧/૧૧/૨૦૨૬

૨૧ વર્ષથી ફરાર આરોપીને પોલીસ પકડી શકે છે પરંતુ

લાઠીના અડતાળાના ઉપસરપંચને પકડવા પોલીસના હાથ ટૂંકા!

બે હજુ પોલીસ પકડથી દૂર, રિવોલ્વર બતાવી ફરાર થયેલા ઉપસરપંચનો પત્તો નહીં લાગતાં લોકોમાં રોષ

અમરેલી,તા.૨૩

લાઠી તાલુકાના અડતાળા ગામે યુવકોને બેઝબોલના ધોકાથી માર મારવાની અને રિવોલ્વર બતાવી ધાકધમકી આપવાની ઘટનામાં મુખ્ય આરોપી ઉપસરપંચ જીતુ વાળાને પોલીસ હજુ સુધી ઝડપી શકી નથી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ સમગ્ર રાજ્યમાં ભારે પ્રત્યાઘાત પડ્યા હતા. તેમ છતાં ઘટનાના મુખ્ય આરોપી પોલીસ પકડથી દૂર રહેતાં પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.પ્રાપ્ત વિગતો મુજબ, અડતાળા ગામમાં યુવકોને બેઝબોલના ધોકા વડે માર મારવાની ઘટના બની હતી. આ ઘટનામાં ઉપસરપંચ જીતુ વાળા સહિતના શખસોની સંડોવણી હોવાના વીડિયો વાયરલ થયા હતા. ઘટનાનો વીડિયો વાયરલ થતાં સમગ્ર રાજ્યમાં ચર્ચા શરૂ થઈ હતી. ખાસ કરીને રિવોલ્વર બતાવી યુવકોને ધમકાવવાની ઘટનાને લઈને લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. આ કેસમાં પોલીસે કાર્યવાહી હાથ ધરી ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે, પરંતુ હજુ બે આરોપીઓ પોલીસની પકડથી દૂર છે. તેમાં મુખ્ય આરોપી અને



અડતાળાના ઉપસરપંચ જીતુ

વાળાનો પણ સમાવેશ થાય છે. રિવોલ્વર બતાવ્યા બાદ ઉપસરપંચ ક્યાં ફરાર થઈ ગયા છે અને હાલ ક્યાં છુપાયા છે તે અંગે પોલીસને હજુ સુધી કોઈ ચોક્કસ કડી મળી નથી. આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા જુદી-જુદી ટીમો બનાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. વિવિધ સ્થળોએ તપાસ અને શોધખોળ કરવા છતાં મુખ્ય આરોપીનો પત્તો લાગ્યો નથી. પોલીસના બાતમીદારો અને અન્ય તપાસના માધ્યમો પણ હજુ સુધી ઉપસરપંચ સુધી પહોંચી શક્યા નથી. બીજી તરફ, પોલીસની ટીમો દ્વારા સતત તપાસ કરવામાં આવી રહી હોવા છતાં પરિણામ ન મળતાં લોકોમાં અનેક સવાલો ઊભા થયા છે.એક તરફ પોલીસ દ્વારા ૨૧ વર્ષથી ફરાર આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવવામાં આવે છે, તો બીજી તરફ રાજ્યભરમાં ચર્ચાસ્પદ બનેલી અડતાળાની ઘટનાના મુખ્ય આરોપી ઉપસરપંચને પકડવામાં વિલંબ કેમ થઈ રહ્યો છે તેવો સવાલ લોકોમાં ચર્ચાઈ રહ્યો છે. સ્થાનિક લોકોમાં એવી લાગણી પ્રવર્તી રહી છે કે જાહેરમાં યુવકોને માર મારવા અને હથિયાર બતાવી ધાકધમકી આપવા બાબતે સામનો કરી રહેલા આરોપીઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. પોલીસની કામગીરીમાં થઈ રહેલા વિલંબને કારણે લોકોમાં નારાજગી વધી રહી છે. હવે જોવાનું એ રહેશે કે પોલીસ ક્યારે મુખ્ય આરોપી જીતુ વાળાને ઝડપી પાડી આ કેસમાં આગળની કાયદેસરની કાર્યવાહી કરે છે.

અમરેલીમાં વરિષ્ઠ નાગરિકો માટે હોમિયોપેથીક સારવાર અંગે સેમિનાર

અમરેલી,તા.૨૩

અમરેલી શહેરમાં સિનિયર સિટીઝન સોસાયટી દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે હોમિયોપેથીક સારવાર અંગે જાગૃતિ અને સ્વાસ્થ્ય માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે સંસ્કાર હોમિયોકેરના ડૉ. જિતેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



તેમણે વડીલોના સ્વાસ્થ્ય, વધતી ઉંમર સાથે થતી શારીરિક સમસ્યાઓ, લાંબા ગાળાના રોગો અને સ્વાસ્થ્યની જાળવણી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ સમયસર તબીબી સલાહ લેવાનું મહત્વ સમજાવ્યું હતું.

કાર્યક્રમમાં પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વડીલોએ પોતાના સ્વાસ્થ્યને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા અને ડૉક્ટરે તેનું માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ડૉ. જિતેન્દ્ર પટેલે આમંત્રણ અને સન્માન બદલ સોસાયટીના હોદ્દેદારો તથા વડીલોનો આભાર વ્યક્ત કર્યો હતો. સેમિનાર માહિતીસભર રહ્યો હતો.

અમરેલીમાં ફેસબુક પર લોહાણા સમાજ અંગે અભદ્ર કોમેન્ટથી વિવાદ

અમરેલી,તા.૨૩

અમરેલીમાં સોશિયલ મીડિયા પર લોહાણા સમાજ અંગે અભદ્ર કોમેન્ટ કરવાના મામલે વિવાદ સર્જાયો છે. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપવામાં આવતાં પોલીસે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, અમરેલીના હિરેન મશરૂએ ફેસબુક પર એક પોસ્ટ મૂકી હતી. જેમાં લખ્યું હતું કે, ‘‘અમારે લોહાણા સમાજના મુખ્યમંત્રી નથી જોતા, એક બે ધારાસભ્ય બનવા દેજો.’’ આ પોસ્ટ પર **‘kano sheta’** નામના ફેસબુક એકાઉન્ટ પરથી લોહાણા સમાજ અંગે અભદ્ર કોમેન્ટ કરવામાં આવી હતી. ફરિયાદમાં આ કોમેન્ટથી સમાજનું અપમાન થયું હોવા ઉપરાંત સામાજિક વૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ થયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે મોટી સંખ્યામાં યુવાનો સિટી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને લેખિત ફરિયાદ આપી હતી. પોલીસે સંબંધિત એકાઉન્ટની ઓળખ અને કોમેન્ટ અંગે તપાસ શરૂ કરી છે.

દામનગર ગાયત્રી મંદિરે બુધવારે ૮૮મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન

દામનગર, તા.૨૨

દામનગર શહેરના ગાયત્રી મંદિર ખાતે આગામી તા. ૨૫-૧૧-૨૦૨૬, બુધવારના રોજ ૮૮મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સિનિયર સિટીઝન ટ્રસ્ટ દામનગર, ગાયત્રી મંદિર દામનગર અને ભૂરખીયા હનુમાનજી મંદિરના સંયુક્ત ઉપક્રમે આ કેમ્પ યોજાશે. કેમ્પનો સમય સવારે ૮ થી ૧૧:૩૦ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. આ કેમ્પમાં આંખને લગતી વિવિધ તકલીફો ધરાવતા દર્દીઓનું નિઃશુલ્ક નેત્ર નિદાન કરવામાં આવશે. જરૂરિયાતમંદ અને આંખના દર્દીઓ માટે નિઃશુલ્ક નિદાનની વ્યવસ્થા, આધાર પુરાવા સાથે ઉપસ્થિત રહેવા આયોજકોની અપીલ

આંખની બીમારીથી પીડાતા દર્દીઓ આ કેમ્પનો લાભ લઈ શકે તે માટે આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે. કેમ્પમાં નિદાન કરાવવા આવનાર તમામ દર્દીઓએ પોતાની સાથે આધારકાર્ડ અથવા અન્ય જરૂરી આધાર પુરાવા લઈને આવવાનું રહેશે. વધુમાં વધુ લોકો કેમ્પનો લાભ લઈ આંખોની તપાસ કરાવે તેવી આયોજકોએ અપીલ કરી છે.

નામ બદલાવેલ છે

આથી સોગદપૂર્વક જણાવુ છુ કે મારૂ જૂનુ નામ ખાચર ગૌતમ અમકુભાઈ હતુ તેમાંથી બદલાવી નવું નામ ખાચર ગૌતમભાઈ અમકુભાઈ રાખેલ છે. હવેથી હું ખાચર ગૌતમભાઈ અમકુભાઈ રાખેલ છે. નામથી ઓળખાઈશ તેની સર્વે એ નોંધ લેવી.

ખાચર ગૌતમભાઈ અમકુભાઈ
૪૨૮ વિસામણ બાપુની જગ્યાવાળો વિસ્તાર
પાળિયાદ જી.બોટાદ ૩૬૪૭૨૦











રૂમ નંબર.૨૦૮

પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ અમરેલી

ફોજદારી પ.અ. નં.૬૩૬/૨૦૨૬
મુ.તા.૧૭/૧૨/૨૦૨૬

અરજદાર : મનસુખભાઈ નાથાભાઈ પોકીયા ઉ.વ.૬૩ ધંધો ખેતી રહે-જસવંતગઢ, તા.જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી જસવંતગઢ ગ્રામ પંચાયત કચેરી જસવંતગઢ, તા.જી.અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી તમામ લાગતા વળગતાને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વશ્રી એ એમ પટેલ, અરજદાર શ્રી મનસુખભાઈ નાથાભાઈ પોકીયા ઉ.વ.૬૩ ધંધો ખેતી રહે. જસવંતગઢ તા.જી. અમરેલી વાળા ની પુત્રી પોકીયા વર્ષા મનસુખલાલ નો જન્મ તા.૨૮/૩/૧૯૮૩ છે. તેવુ પ્રમાણીત કરાવી લેવા ઉપરોકત અરજી કરેલ છે. તે અંગેની નોંધ પ્રમાણીત કરાવવાનો હુકમ મેળવવા કોર્ટમાં અરજી આપતા તે સામે જો કોઈને વાંધો તકરાર હોય તો તેણે અત્રેની કોર્ટમાં મુ.તા.૧૭/૧૨/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ વાગે બિન ચૂક હાજર રહેવુ જો તેમ કરવામાં કસૂર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તા.૨૧/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી, (કે બી સોલંકી) આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર સહી, (પી એસ જેઠવા) શિરેસ્તેદાર

કોર્ટનો સિક્કો

અમારૂ રૂબરૂ સહી, (જે એ જોશી) રજિસ્ટ્રાર પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ અને એ.ડી.ચીફ. જયુડી મજે.કોર્ટ, અમરેલી

(કે.એન.સરવૈયા સાહેબ)

સાવરકુંડલાનાં મહે.એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.સાવરકુંડલા

ફો.પ.અ.નં. -૪૬૩/૨૦૨૬
મુદત તારીખ -૦૨/૧૨/૨૦૨૬

(જાહેર નોટીસ)

અરજદારનું નામ :- કાનાણી હિંમતભાઈ ગોરધનભાઈ
જુના સાવર, તા.સાવરકુંડલા, જી.અમરેલી
હાલ રહે.દિવ્યા વસુંધરા સોસાયટી, એલ.એચ.રોડ સુરત

વિરૂધ્ધ

સામાવાળાનું નામ: જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, સાવર ગ્રામ પંચાયત, તા.સાવરકુંડલા, જી.અમરેલી

આથી લાગતા વળગતા સૌ કોઈ ઈસમોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપર જણાવેલ અરજદાર તર્ફે વિ.વકીલશ્રી એમ.પી.ગોંડલીયા એ અત્રેની કોર્ટમાં જન્મ મરણ અધિનિયમ ૧૩(૩) અન્વયે અરજદારે પોતે પોતાના પુત્ર જન્મની નોંધ કરાવવા અરજી દાખલ કરેલ હોય અરજદારની જન્મ તારીખઃ૨૬/૧૦/૧૯૮૨ ના રોજ જુના સાવર, સાવરકુંડલા મુકામે થયાની નોંધ માટે અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે.

સદરહું અરજ સંબંધી કોઈપણ ઈસમને વાંધો તકરાર હોય તો તેમણે મુદત તારીખ ૦૨/૧૨/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે અત્રેની અદાલતમાં તમામ સાધનિક આધાર પુરાવા સાથે બિનચુક હાજર રહેશો.

તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની ગંભીરતાપૂર્વક નોંધ લેશો.

આજ તારીખ ૨૮/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

તૈયાર કરનાર સહી, (એ.પી.ઝાલા) આસિસ્ટન્ટ એડી ચિફ જયુડી મેજી.કોર્ટ સાવરકુંડલા

મુકાબલ કરનાર સહી, (એસ.કે.જાડેજા) સિરસ્તેદાર એડી ચિફ જયુડી મેજી.કોર્ટ સાવરકુંડલા

કોર્ટનો સિક્કો

હુકમથી સહી, (એમ.એન.મકવાણા) રજીસ્ટ્રાર એડી ચિફ જયુડી મેજી.કોર્ટ સાવરકુંડલા

-// જાહેર નોટીસ //-

(જન્મ નોંધના સમર્થનમાં)

ફો.પ.અ.નં.૧૮૯/૨૦૨૬

મે. લાઠી જયુ. મેજી (ફ.ક) સાહેબની કોર્ટમાં મુ.લાઠી

અરજદાર :- આંકોલીયા સતીષકુમાર મધુભાઈ રહે. નાના રાજકોટ, હાલ સુરત

-// વિરૂધ્ધ //-

સામાવાળા : ત.ક.મ. નાના રાજકોટ ગ્રામ પંચાયત

અરજદાર તર્ફે વિ.વ. શ્રી જી. સી કોટડીયા ગ્રામ પંચાયત

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર પોતે નાના રોજકોટ હાલ સુરત ગામના રહેવાસી છે. અમો અરજદાર આંકોલીયા સતીષકુમાર મધુભાઈ ની જન્મનોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતાની આંકોલીયા સતીષકુમાર મધુભાઈ નો જન્મ જે તે સમયે નાના રાજકોટ મુકામે જન્મ તારીખ - ૦૧/૦૬/૧૯૭૯ ના રોજ થયેલ છે. જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ-૨૮/૧૨/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકાના જયુ. મે(ફ.ક) સાહેબની કોર્ટ ખાતે સવારના ૧૦:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું. તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : લાઠી
તારીખ :૨૩/૧૧/૨૦૨૬

રજીસ્ટ્રર ઓફ લાઠી જયુ મેજી ફક કોર્ટ મુ.લાઠી

નારી જાગૃતિ લોક કલ્યાણ ફાઉન્ડેશનનો ભવ્ય સ્નેહ મિલન સમારોહ યોજાયો

અમરેલી,તા.૨૩





નારી જાગૃતિ લોક કલ્યાણ ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૨૬નો ભવ્ય સ્નેહ મિલન સમારોહ હોટલ એન્જલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાપક નયનાબેન વિષ્ણુસ્વામી, સહસંસ્થાપક લીનાબેન શાહ, ટ્રસ્ટી કિરણબેન પડાયા, નિકિતા શાહ સહિત ગુજરાત પ્રદેશ ટીમના મહામંત્રી માધવીબેન ભટ્ટ, સંગઠન મંત્રી ચેતનાબેન બાજક અને પ્રવક્તા વૈશાલીબેન જોગી ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્થા સાથે જોડાયેલા સભ્યો પરિવાર સાથે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાને વધુ મજબૂત બનાવવા ગુજરાતભરમાંથી ૫૦૦૦ મહિલા સભ્યોને જોડવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. સાથે સંસ્થા દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની સમીક્ષા પણ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા નીલકંઠ જ્વેલર્સનો સહયોગ મળ્યો હતો. કેતનભાઈ ધોળકિયાએ ઉપસ્થિત બહેનોને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે પરિવારને સુવ્યવસ્થિત રાખવાની શક્તિ નારીમાં છે અને નારી જાગૃત બને તો સમગ્ર સમાજ જાગૃત બને છે. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો અને સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગુજરાતભરમાં ૫૦૦૦ મહિલા સભ્યોને જોડવાનો સંકલ્પ લેવાયો, નારી શક્તિના મહત્વ અંગે માર્ગદર્શન અપાયું

અમરેલી જિલ્લામાં ચેકડેમો અને તળાવોમાં સૌની યોજનાનું પાણી છોડવા અતુલ કાનાણીની મુખ્યમંત્રીને રજૂઆત

અમરેલી,તા.૨૩



અમરેલી જિલ્લામાં ઓછા વરસાદના કારણે ઉભી થયેલી પાણીની સમસ્યાને લઈને અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ બી. કાનાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ જિલ્લામાં ઓછા વરસાદને કારણે પીવાના પાણી તેમજ ખેતીવાડી માટે પાણીની અછત સર્જાઈ છે. ચેકડેમો અને તળાવોમાં પાણીનો સંગ્રહ ઓછો થતાં ખેડૂતો અને ગ્રામજનો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.અમરેલી જિલ્લાના ધારી, બગસરા, ખાંભા, સાવરકુંડલા, જાફરાબાદ, લીલીયા, લાઠી, અમરેલી અને બાબરા સહિતના તાલુકાઓમાં સૌની યોજના અંતર્ગત ચેકડેમો અને તળાવોમાં પાણી છોડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.આ ઉપરાંત કુંકાવાવ સહિતના વિસ્તારોમાં પણ પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવા મુખ્યમંત્રી સમક્ષ અતુલ કાનાણીએ વિનંતી કરી છે.

અમરેલીશહેરમાંઅજાણીકારની ટક્કરમાં એક્ટિવા ચાલકને ઈજા

અમરેલી,તા.૨૩

પુરઝડપે આવતા કારચાલકે અકસ્માત સર્જતા પોલીસ ફરિયાદ નોંધાઈ

અમરેલીના બહારપરા વિસ્તારમાં રહેતા ૪૬ વર્ષીય ખાનગી નોકરિયાત આશીફભાઈ ગફારભાઈ ડૈયા તા. ૨૨/૧૧/૨૬ના રોજ સાંજે ૧૮:૪૫ વાગ્યે પોતાનું એક્ટિવા (નં. GJ-14-AJ-030૨) લઈને જઈ રહ્યા હતા.આ દરમિયાન એક અજાણ્યા ફોરવ્હીલ ચાલકે પોતાની કાર પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી, માનવજિંદગી જોખમાય તે રીતે ચલાવી ફરિયાદીના એક્ટિવા સાથે અથડાવી હતી. આ અકસ્માતમાં આશીફભાઈને જમણા પગે ગંભીર ઈજા થતા ફેક્ચર થયું હતું, જ્યારે તેમની સાથે રહેલા સાહેદને પણ જમણા પગે ઈજાઓ પહોંચી હતી.

અમરેલીજિલ્લામાં જાહેરમાં નશો કરી આટાફેરા કરતા ૮ શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૨૩

અમરેલી, સાવરકુંડલા, જાફરાબાદ, લીલીયા અને પીપાવાવ મરીન પોલીસે અલગ-અલગ સ્થળોએ કાર્યવાહી કરી

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા દારૂબંધીના કાયદા હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી જાહેરમાં કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા કુલ ૮ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. આ તમામ આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટની કલમ મુજબ ગુના નોંધાયા છે. અમરેલી સિટી પોલીસે મોટા બસ સ્ટેન્ડ પાસેથી રાહુલભાઈ શરદભાઈ રાવ અને ચિતલ રોડ સર્વોદય સોસાયટી પાસેથી કલ્પેશભાઈ નવિનચંદ્ર સેજુને ઝડપ્યા હતા.

સાવરકુંડલા રૂરલ અને ટાઉન પોલીસે પીઠવડીના મુકેશભાઈ મગનભાઈ ઝાપડીયા, મઢડાના ભાવેશભાઈ નાથાભાઈ કોટડીયા અને મણીનગરના વિશાલભાઈ રાજુભાઈ ધોળકીયાની ધરપકડ કરી હતી. આ ઉપરાંત જાફરાબાદ ટાઉન પોલીસે મનીષભાઈ ભગુભાઈ બારૈયા, પીપાવાવ મરીન પોલીસે ગોપાલભાઈ દેગણભાઈ જોળીયા અને લીલીયા પોલીસે બહાદુરભાઈ હુસેનભાઈ શિરમાનને જાહેરમાં નશાની હાલતમાં ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાફરાબાદમાં ઘર બહાર પાર્ક કરેલી બાઈકમાં આગ

જાફરાબાદ,તા.૨૩

આગમાં હોન્ડા શાઇન બાઇક સંપૂર્ણ બળીને ખાખ થઈ જતા રૂ.૬૦ હજારનું નુકસાન

જાફરાબાદ શહેરની રામ રહીમ સોસાયટીમાં તા. ૨૨/૧૧/૨૦૨૬ના રોજ બાઈકમાં આગ લાગવાની ઘટના બની હતી. ખાનગી નોકરિયાત હિતેન્દ્રભાઈ વાઘજીભાઈ વિંઝુડા (ઉ.વ.૪૯)ની કાળા રંગની હોન્ડા શાઈન મોટરસાઈકલ (નં. GJ-14-BF-7353) ઘરની બહાર પાર્ક કરેલી હતી. કોઈ અગમ્ય કારણોસર વાહનમાં અચાનક આગ લાગતા આખી બાઈક સંપૂર્ણપણે સળગી ગઈ હતી. આ આગના બનાવમાં આશરે રૂ.૬૦,૦૦૦નું નુકસાન થયું હોવાનું જાહેર થયું છે. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં આ અંગે નોંધ કરવામાં આવી છે.

લીલીયા રેલવે સ્ટેશનનાં વિકાસકાર્યોની ગુણવત્તા સામે કોંગ્રેસે માહિતી માંગી

લીલીયા,તા.૨૩

પ્લેટફોર્મ બાંધકામ, રિપેરિંગ અને વિસ્તરણ પાછળ થયેલા ખર્ચની વિગતો માગી; કામોની તપાસ કરી જવાબદારી નક્કી કરવાની માંગ

લીલીયા મોટા રેલવે સ્ટેશનનાં વિકાસકાર્યો, ખર્ચ અને કામોની ગુણવત્તા અંગે વિગતો મેળવવા લીલીયા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નીતિનભાઈ આર. ત્રિવેદીએ માહિતી અધિકાર હેઠળ અરજી કરી છે. તેમણે ભાવનગરના ડિવિઝનલ રેલવે મેનેજર અને મુંબઈના જનરલ મેનેજરને અરજી મોકલી છે. જેમાં ગત વર્ષે પ્લેટફોર્મના બાંધકામ પાછળ થયેલા ખર્ચ, ચાલુ વર્ષે પ્રથમ વખત થયેલા રિપેરિંગ કામના ખર્ચ તેમજ પ્લેટફોર્મની લંબાઈ વધારવા પાછળ થયેલા ખર્ચની વિગતો માગવામાં આવી છે. ઉપરાંત કામોની નબળી ગુણવત્તા અંગે તપાસ થઈ છે કે નહીં, તપાસનાં પરિણામો અને જવાબદારો સામે લેવાયેલા પગલાંની માહિતી પણ માગી છે. ત્રિવેદીએ જણાવ્યું હતું કે આરટીઆઈ દ્વારા સત્તાવાર વિગતો મળ્યા બાદ મુસાફરોની સુવિધા અને રેલવેના કામોમાં પારદર્શિતા માટે વધુ રજૂઆત કરવામાં આવશે.

ખાંભાઅનેસાવરકુંડલામાંદેશી દારૂના જથ્થા સાથે બે ઝડપાયા

અમરેલી,તા.૨૩

પોલીસે બંને સ્થળોએથી કુલ ૪ લિટર દેશી દારૂનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી જિલ્લાના ખાંભા અને સાવરકુંડલા વિસ્તારમાં તા. ૨૨/૧૧/૨૦૨૬ના રોજ પોલીસે દેશી દારૂના બે અલગ-અલગ દરોડા પાડ્યા હતા. ખાંભા પોલીસે તાતણીયા ગામે પાણીના અવેડા પાસેથી ભાણીયા ગામના ૨૨ વર્ષીય હીરાકામ કરતા રાહુલભાઈ કાળુભાઈ ચૌહાણને ૨ લિટર દેશી દારૂ (કિં. રૂ.૪૦૦) સાથે ઝડપી પાડ્યો હતો. જ્યારે સાવરકુંડલા ટાઉન પોલીસે મફતપરા વિસ્તારમાંથી ૪૨ વર્ષીય મજૂર વિપુલભાઈ મધુભાઈ વાઘેલાને ૨ લિટર દેશી દારૂ (કિં. રૂ.૪૦૦) સાથે પકડી પાડ્યો હતો. બંને આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

બાબરાના ગળકોટડીમાં પવનચક્કીના થાંભલા બાબતે ખેડૂત પર પથ્થરમારો

અમરેલી,તા.૨૩

શેઢા પાડોશીઓએ ગાળાગાળી અને ધમકી આપી માથામાં પથ્થર મારતા ઈજા

બાબરા તાલુકાના ગળકોટડી પ્લોટ વિસ્તારમાં ગતરાત્રીના રોજ પથ્થરમારાની ઘટના બની હતી. ૫૦ વર્ષીય ખેડૂત લાભુભાઈ અરજણભાઈ કાછડીયા અને તેમના મોટા ભાઈ ખેતરના શેઢે પવનચક્કીના થાંભલા નાખવાની કામગીરી બતાવવા ગયા હતા. આ દરમિયાન શેઢા પાડોશી પ્રવિણભાઈ રામભાઈ નવાપરીયા (રહે. ગળકોટડી) અને કમાભાઈ બીજલભાઈ ભરવાડ (રહે. દરેડ, તા. બાબરા)એ ગાળો આપી છૂટા પથ્થરના ઘા કર્યા હતા.

જેમા જમણી બાજુ કાન ઉપર માથામાં પથ્થર વાગતા ફરિયાદીને બે ટાંકા આવ્યા હતા અને બંને શખ્સોએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે ફરિયાદ પરથી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પૂનમ
તા.૨૪-૧૧-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૫૦,
સૂર્યાસ્ત-૦૫:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: કૃતિકા

દૈનિક રાશિફળ

તા.૨૪-૧૧-૨૦૨૬ મંગળવાર

મેષ: આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

મિથુન: આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે.

કર્ક: આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

સિંહ: તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે,

કન્યા: આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.

તુલા: આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.

વૃશ્ચિક: આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે.

ધન: આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે.

મકર: આજે અચાનક શરીરના દુ:ખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો.

કુંભ: આજે તમે તમારા હરીફો માટે માથાનો દુ:ખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે. આનાથી તમને ભવિષ્યમાં ફાયદો થશે.

મીન: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે.

અમરેલીમાં રામામંડળ જોવા ગયેલા યુવક અને પરિવાર પર છરી વડે હુમલો

સામુ જોવા જેવી સામાન્ય બાબતમાં બોલાચાલી બાદ આરોપીએ ધમકી આપી

અમરેલી,તા.૨૩

અમરેલી શહેરમાં તા. ૨૨/૧૧/૨૬ના રોજ બપોરે ૦૩:૩૦ વાગ્યે છરી વડે હુમલાનો બનાવ બન્યો હતો. બહારપરા વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય રિક્ષાચાલક તુષારભાઈ નવલભાઈ પરમાર અમરેલીના ખાટકીવાડના ખૂણે રામામંડળનું આખ્યાન જોવા ગયા હતા. આ દરમિયાન આરોપી યાસીન ઉર્ફે જીવો અબ્દુલભાઈ સેલોત (રહે. ગઢની રાંગ, અમરેલી) ત્યાં ગાળો બોલતો આવ્યો હતો. તુષારભાઈએ તેની સામે જોતા આરોપીએ ઉશ્કેરાઈને ગાળો આપી હતી અને થોડીવાર બાદ ફરી આવી છરી બતાવી "ઘા તો મારીશ જ" તેવી ધમકી આપી હતી.તુષારભાઈ ઘરે દોડી ગયા હતા અને પરિવારને જાણ કરી હતી. ત્યારબાદ તેઓ માતા-પિતા સાથે બહારપરા પોલીસ ચોકીએ ફરિયાદ કરવા જઈ રહ્યા હતા, ત્યારે રોનક પાનના ગલ્લા પાસે આરોપીએ છરી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ફરિયાદીના પિતાને હાથ અને માથાના ભાગે ઈજાઓ થઈ હતી, જ્યારે ફરિયાદી અને તેમના માતાને છરીથી ઉજરડા પડ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હતી.

ધારીમાં બગીચા પાસે કારની ટક્કરમાં વૃધ્ધાને ગંભીર ઈજા

અમરેલી,તા.૨૩

પરિવાર સાથે ચાલીને જતા ૬૫ વર્ષીય મહિલાને અડફેટે લઈ કારચાલક નાસી છૂટ્યો

ધારી શહેરમાં બગીચા પાસે તા. ૨૨/૧૧/૨૬ના રોજ બપોરે ૧૫:૦૦ વાગ્યે હિટ એન્ડ રનની ઘટના બની હતી. દુધાળા ગામના ૬૫ વર્ષીય મજૂર જીણુબેન ગભાભાઈ બારૈયા પોતાના દીકરા અને પૌત્રીઓ સાથે ધારી બસ સ્ટોપથી રિક્ષા સ્ટેન્ડ તરફ ચાલીને જઈ રહ્યા હતા.ધારી બગીચા પાસે પહોંચતા પાછળથી પુરઝડપે અને બેફિકરાઈથી આવતી સફેદ i20 કાર (નં. GJ-01-RX-9665)ના ચાલકે તેમને ટક્કર મારી હતી. અકસ્માતમાં જીણુબેનને જમણા પગે ફેક્ચર થયું હતું અને કારચાલક વાહન લઈ નાસી છૂટ્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. જે. વાળાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

બાબરા નજીક હાઈવે પર બાઈક અકસ્માતમાં યુવકનું કરુણ મોત

મહાસાગર હોટલ સામે રોડ ક્રોસ કરતી વખતે પુરઝડપે આવતા બુલેટ ચાલકે ટક્કર મારી

અમરેલી,તા.૨૩

બાબરા તાલુકામાં ગઈકાલે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ચરખા ગામના ૨૭ વર્ષીય ખેડૂત અને પશુપાલક વિશાલભાઈ રાજુભાઈ આલગોતર પોતાનું સ્પ્લેન્ડર પ્લસ બાઈક (નં. GJ-૧૪-AC-૫૯૦૦) લઈને ખેતરેથી ઘરે પરત ફરી રહ્યા હતા. મહાસાગર હોટલની સામે રાજકોટ-ભાવનગર ફોર-લેન હાઈવે ક્રોસ કરતી વખતે ચરખા તરફથી બાબરા જઈ રહેલા આરોપી વિપુલભાઈ નાનજીભાઈ બારૈયા (રહે. ઉંટવડ, તા. બાબરા)એ પોતાનું રોયલ એનફિલ્ડ બુલેટ (પત્નીને પાછળ બેસાડીને) પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં યુવાનને માથામાં ગંભીર ઈજાઓ થતા તેમનું મોત નીપજ્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ. એમ. ગમારાએ અકસ્માતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બગસરામાં તુલસી વિવાહ નિમિત્તે ૨,૦૦૦ તુલસીના રોપાનું વિનામૂલ્યે વિતરણ કરાયું

અમરેલી,તા.૨૩



બગસરામાં તુલસી વિવાહના પવિત્ર પર્વ નિમિત્તે શકમાર્કેટ પાસે તુલસીના અંદાજે ૨,૦૦૦ રોપાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન સામાજિક કાર્યકરો અને બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. હિન્દુ ધર્મમાં તુલસીના છોડનું વિશેષ ધાર્મિક મહત્ત્વ હોવાથી તુલસી વિવાહના દિવસે રોપાનું વિતરણ કરવાનું આયોજન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તજનો અને નાગરિકોએ તુલસીના રોપા મેળવ્યા હતા. આયોજકોએ આ પ્રવૃત્તિને પર્યાવરણ અને ધાર્મિક ભાવના સાથે જોડાયેલું સેવાકાર્ય ગણાવ્યું હતું.

તંત્રી લેખ

સારવારનો ભાર હવે સહન થતો નથી

આજે દેશની આરોગ્ય વ્યવસ્થા એક એવા વળાંક પર ઊભી છે, જ્યાં હોસ્પિટલો, ડોક્ટરો, દવાઓ અને તપાસની સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં સામાન્ય માણસ માટે સારવાર મેળવવી મોંઘી સાબિત થઈ રહી છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે બીમારી માત્ર સ્વાસ્થ્યનો પ્રશ્ન નથી, પરંતુ આર્થિક સંકટ પણ બની રહી છે. સારવાર પાછળ થતો ખર્ચ પરિવારની બચત, બાળકોનું શિક્ષણ અને ભવિષ્યની આર્થિક સુરક્ષા પર સીધી અસર કરે છે. તાજેતરમાં જાહેર થયેલા આરોગ્ય ખર્ચના આંકડા અને દેશના હિસાબની તપાસ કરતી સંસ્થા કેગના અહેવાલે આ સ્થિતિ અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. અહેવાલ મુજબ અનેક મોટા રાજ્યોમાં આરોગ્ય પાછળ થતા કુલ ખર્ચનો મોટો હિસ્સો નાગરિકોએ પોતાના ખિસ્સામાંથી ચૂકવવો પડે છે. દવાઓ, લોહીની તપાસ, એક્સ-રે અને અન્ય તબીબી તપાસનો ખર્ચ પણ મોટાભાગે દર્દીઓએ જ ઉઠાવવો પડે છે. સરકારી દવાખાનાઓમાં દવાઓની અછત, ડોક્ટરોની ખાલી જગ્યાઓ, તપાસનાં સાધનોની અપૂરતી સુવિધા અને લાંબી રાહ જોવાની સ્થિતિને કારણે દર્દીઓ ખાનગી હોસ્પિટલો તરફ વળવા મજબૂર બને છે. વધુ ચિંતાજનક બાબત એ છે કે આરોગ્ય માટે ફાળવવામાં આવતા નાણાંનો પણ પૂરેપૂરો ઉપયોગ થતો નથી. આરોગ્યના નામે વસૂલવામાં આવતા વેરાની રકમ યોગ્ય ખાતામાં સમયસર જમા ન થવી અને આરોગ્ય વિભાગને ફાળવેલા બજેટનો મોટો હિસ્સો વપરાયા વગર રહી જવો એ વહીવટી વ્યવસ્થાની ખામીઓ દર્શાવે છે. જો આ નાણાંનો સમયસર અને યોગ્ય ઉપયોગ થાય તો નવી હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો, દવાઓ અને આધુનિક તપાસ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાય. માત્ર બજેટ ફાળવવાથી આરોગ્ય વ્યવસ્થા સુધરતી નથી, પરંતુ તેનો અસરકારક અમલ પણ એટલો જ જરૂરી છે. સરકારી આરોગ્ય વીમા યોજનાઓનો લાભ પણ દરેક જરૂરિયાતમંદ સુધી પહોંચતો નથી. અનેક લોકોને યોજનાની માહિતી હોતી નથી, જ્યારે કેટલાક દર્દીઓને હોસ્પિટલમાં વિવિધ નિયમો અને મર્યાદાઓના કારણે સારવારનો સંપૂર્ણ લાભ મળતો નથી. પરિણામે કાર્ડ હોવા છતાં દર્દીઓને પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરવો પડે છે. યોજનાઓ માત્ર કાગળ પર નહીં, પરંતુ હોસ્પિટલના દરવાજે જ દર્દીઓને રાહત આપે તેવી વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. આ સમસ્યાના ઉકેલ માટે માત્ર મોટી હોસ્પિટલો બનાવવાને બદલે ગામડાંનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મજબૂત બનાવવાં જોઈએ. દરેક કેન્દ્રમાં ડોક્ટર, નર્સ, જરૂરી દવાઓ અને તપાસની સુવિધાઓ ઉપલબ્ધ હોય તો સામાન્ય બીમારીઓની સારવાર ગામમાં જ થઈ શકે. તેનાથી દર્દીઓનો સમય અને નાણાં બંને બચશે તથા મોટી હોસ્પિટલો પરનું ભારણ પણ ઘટશે. આરોગ્ય પાછળનો ખર્ચ બોજ નહીં, પરંતુ દેશના ભવિષ્ય માટેનું રોકાણ છે. સ્વસ્થ નાગરિક જ પરિવાર, સમાજ અને દેશના વિકાસમાં યોગદાન આપી શકે છે. સરકારે આરોગ્ય બજેટનો સમયસર ઉપયોગ કરવો, સરકારી હોસ્પિટલોની સુવિધાઓ વધારવી અને વીમા યોજનાઓનો લાભ સરળતાથી મળે તે સુનિશ્ચિત કરવું જોઈએ. છેવટે, સારવાર મેળવવા માટે કોઈ ગરીબ પરિવારે ઘરેણાં ગીરવે મૂકવા પડે કે જીવનભરની બચત ખર્ચી નાખવી પડે તે સ્થિતિ બદલવી જરૂરી છે. સ્વાસ્થ્ય કોઈની મહેરબાની નથી, પરંતુ દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે. જ્યારે સામાન્ય માણસને પરવડે તેવી અને ગુણવત્તાયુક્ત સારવાર મળશે, ત્યારે જ દેશની આરોગ્ય વ્યવસ્થાની સાચી પ્રગતિ ગણાશે.

સોનાર બાંગ્લાદેશ હિંસાની ભયાનક આગમાં હોમાયો



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

બાંગ્લાદેશમાં નવ મહિના પહેલાં લોકોએ મોટી આશા અને અપેક્ષાઓ સાથે સત્તા પરિવર્તન કર્યું હતું. લોકોને લાગ્યું હતું કે જૂની સરકારની વિદાય સાથે વર્ષોથી ચાલતો ભય, રાજકીય હિંસા, અત્યાચાર અને અસહિષ્ણુતાનો અંત આવશે. નવી સરકાર સત્તામાં આવશે તો દેશમાં શાંતિ, સ્થિરતા, લોકશાહી અને વિકાસની નવી સવાર થશે. પરંતુ સમય જતાં લોકોની આશાઓ સામે અનેક નવા સવાલો ઊભા થયા છે. આજે બાંગ્લાદેશની તારિક રહમાન સરકાર સામે એકસાથે અનેક મોરચે પડકારો ઊભા થયા છે. મજૂરો પોતાના હક માટે રસ્તા પર ઊતરી રહ્યા છે, વિપક્ષ સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યો છે, વિદ્યાર્થીઓ ફરી આંદોલન કરવાની તૈયારીમાં છે અને વિવિધ સામાજિક તથા રાજકીય સંગઠનો પણ સરકારની નીતિઓ સામે અવાજ ઉઠાવી રહ્યાં છે. સરકાર સ્થિતિ નિયંત્રણમાં હોવાનો દાવો કરી રહી છે, પરંતુ રસ્તાઓ પર જોવા મળતી હિંસા, તોડફોડ, આગજની અને બળેલા મકાનોની તસવીરો અલગ જ વાસ્તવિકતા દર્શાવે છે. બાંગ્લાદેશ સામેનો સૌથી મોટો પડકાર મજૂર વર્ગની નારાજગી છે. દેશનો કાપડ ઉદ્યોગ તેની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ ગણાય છે. વિશ્વના અનેક દેશોમાં બાંગ્લાદેશમાં ઉત્પાદિત કપડાંની નિકાસ થાય છે અને લાખો લોકોને આ ઉદ્યોગ રોજગારી પૂરી પાડે છે. તેમ છતાં આ ઉદ્યોગમાં કામ કરતા મજૂરો આજે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. મોંઘવારીમાં સતત વધારો, ઈંધણના વધતા ભાવ, જીવનજરૂરી ચીજવસ્તુઓની મોંઘવારી અને ઘરખર્ચમાં થયેલા વધારાની સામે મજૂરોનો પગાર પૂરતો નથી. પરિણામે મજૂરો રસ્તા પર ઊતરીને પગારવધારા અને પોતાના અધિકારોની માગણી કરી રહ્યા છે. મજૂરોનું આંદોલન માત્ર પગારનો પ્રશ્ન નથી, પરંતુ તેમના પરિવારના ભરણપોષણ અને જીવનનિર્વાહ સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે. સરકારે મજૂરોને વિરોધી પક્ષ તરીકે જોવાને બદલે દેશના વિકાસમાં ભાગીદાર તરીકે સ્વીકારવા જોઈએ. ઉદ્યોગો બંધ રહે તો મજૂરોની આવક અટકે, માલિકોને નુકસાન થાય અને દેશની નિકાસ તથા અર્થવ્યવસ્થા પર પણ વિપરીત અસર પડે. તેથી લાઠીચાર્જ કે દમનના માર્ગે જવાને બદલે ઉદ્યોગપતિઓ અને મજૂર સંગઠનો સાથે વાટાઘાટો કરીને ઉકેલ લાવવો જરૂરી છે. બીજો ગંભીર પડકાર દેશમાં વધતી રાજકીય હિંસા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ છે. વિવિધ જિલ્લાઓમાં બોમ્બધડાકા, વાહનોમાં આગચંપી, મકાનો પર હુમલા અને દુકાનોમાં લૂંટફાટ જેવી ઘટનાઓના અહેવાલો સામે આવી રહ્યા છે. નરેલ જિલ્લામાં સતત પાંચમા દિવસે પણ હિંસા ચાલુ રહેવી એ દર્શાવે છે કે વહીવટી તંત્ર હજુ સ્થિતિ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી શક્યું નથી. હિંસક વિસ્તારોમાં સરહદ સુરક્ષા દળની ટુકડીઓ તહેનાત કરવી એ તાત્કાલિક સુરક્ષાનો ઉપાય હોઈ શકે છે, પરંતુ તે કાયમી ઉકેલ બની શકે નહીં. દેશમાં શાંતિ સ્થાપિત કરવા માટે કાયદાનું નિષ્પક્ષ અમલીકરણ અને નાગરિકોમાં સુરક્ષાની ભાવના ઊભી કરવી અનિવાર્ય છે. ગુનેગાર કોઈ પણ રાજકીય પક્ષ સાથે જોડાયેલો હોય, તેની સામે સમાન રીતે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. જો એક પક્ષના સમર્થકો સામે કડક કાર્યવાહી થાય અને બીજા પક્ષના લોકો સામે નરમ વલણ અપનાવવામાં આવે તો લોકોનો ન્યાયતંત્ર અને સરકાર પરથી વિશ્વાસ ઊઠી શકે છે. બાંગ્લાદેશના રાજકીય ઈતિહાસમાં પક્ષીય વેરઝેર અને હિંસાની ઘટનાઓ નવી નથી. વર્ષ ૨૦૦૪ના ગ્રેનેડ હુમલાથી લઈને અત્યાર સુધી રાજકીય પક્ષો વચ્ચે અવિશ્વાસ અને સંઘર્ષની સ્થિતિ વારંવાર જોવા મળી છે. જૂની સરકારની વિદાય બાદ નવી સરકાર પણ જો એ જ વેરઝેર અને બદલાની રાજનીતિ અપનાવશે તો સત્તા પરિવર્તનનો મૂળ હેતુ જ નિષ્ફળ જશે. સત્તા બદલાય ત્યારે માત્ર શાસકો જ નહીં, પરંતુ શાસન કરવાની વિચારસરણી પણ બદલાવી જોઈએ. લોકશાહીમાં રાજકીય વિરોધીઓને દુશ્મન માનવાને બદલે તેમની વાત સાંભળવી અને અસહમતિનો આદર કરવો એ જ સાચી લોકશાહી છે. ત્રીજો અત્યંત સંવેદનશીલ મુદ્દો લઘુમતી સમુદાયોની સુરક્ષાનો છે. બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાયનાં ઘરો, દુકાનો અને ધાર્મિક સ્થળો પર હુમલાના આરોપો સામે આવી રહ્યા છે. આ ઘટનાઓ માત્ર દેશની આંતરિક સુરક્ષાનો પ્રશ્ન નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે બાંગ્લાદેશની છબી સાથે પણ જોડાયેલી છે. કોઈ પણ લોકશાહી દેશની સાચી ઓળખ એ બાબતથી થાય છે કે ત્યાંના સૌથી નબળા અને લઘુમતી નાગરિકો કેટલા સુરક્ષિત છે. જો મંદિરોમાં તોડફોડ થાય, ઘરોમાં આગ લગાડવામાં આવે, દુકાનોમાં લૂંટફાટ થાય અને પીડિતોને ન્યાય ન મળે તો સરકારની જવાબદારી સામે સવાલો ઊભા થવા સ્વાભાવિક છે. માત્ર નિવેદનો આપવાથી કે તપાસની જાહેરાત કરવાથી સમસ્યાનો ઉકેલ આવવાનો નથી. હુમલાખોરોની ઓળખ કરીને તેમની સામે કડક કાર્યવાહી કરવી, પીડિતોને સુરક્ષા આપવી અને નુકસાનનું વળતર પૂરું પાડવું જરૂરી છે. ધર્મના નામે નફરત અને ભય ફેલાવનારાઓ સામે કોઈ પણ પ્રકારની રાજકીય કે સામાજિક છૂટછાટ ન હોવી જોઈએ. ચોથો પડકાર ભારત સાથેના દ્વિપક્ષીય સંબંધોનો છે. બાંગ્લાદેશના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાને ભારતમાં આશ્રય મળ્યા બાદ બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોમાં તણાવની સ્થિતિ ઊભી થઈ છે. ડિસેમ્બર મહિનામાં તેમની સંભવિત વાપસી અંગે થતી ચર્ચાઓને કારણે આ તણાવ વધુ વધી શકે છે. જોકે, ભારત અને બાંગ્લાદેશ જેવા પાડોશી દેશો વચ્ચેના સંબંધો માત્ર એક વ્યક્તિ કે એક રાજકીય પક્ષના આધારે નક્કી થઈ શકે નહીં. બંને દેશો વચ્ચે વેપાર, સરહદ સુરક્ષા, જળવહેંચણી, પરિવહન, સંસ્કૃતિ અને પ્રાદેશિક સહકાર જેવા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ જોડાયેલા છે. બંને દેશોને એકબીજાની જરૂરિયાત છે. તારિક રહમાનના ભારત પ્રવાસ અંગે હજુ સ્પષ્ટ નિર્ણય સામે આવ્યો નથી, પરંતુ રાજકીય મતભેદો હોવા છતાં વાતચીતનો માર્ગ ખુલ્લો રાખવો જરૂરી છે. પાડોશી દેશ સાથેના સંબંધોમાં કડવાશ વધારવાને બદલે રાજદ્વારી સંવાદ દ્વારા મતભેદો દૂર કરવાનો પ્રયાસ થવો જોઈએ. આ ઉપરાંત જમાતે ૨૧ નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી વિરોધ કાર્યક્રમોની જાહેરાત કરી છે. ખિલાફત મજલિસ અને નેશનલ સિટિઝન પાર્ટી (એનસીપી) પણ પોતાની માગણીઓ સાથે સરકાર સામે સક્રિય થઈ રહી છે. એનસીપી દ્વારા જુલાઈ ચાર્ટરમાં સુધારા સહિતના મુદ્દાઓ ઉઠાવવામાં આવી રહ્યા છે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે તારિક રહમાન સરકાર સામે હવે માત્ર એક રાજકીય પક્ષનો વિરોધ નથી, પરંતુ વિવિધ સંગઠનો અને વર્ગોની અસંતોષભરી લાગણીઓ એકસાથે બહાર આવી રહી છે. આવી સ્થિતિમાં સરકારે પોતાની રાજકીય પ્રાથમિકતાઓનું પુનઃમુલ્યાંકન કરવું પડશે. સરકાર સામે સૌથી મહત્વની જવાબદારી બે મોરચે કામ કરવાની છે. પ્રથમ, હિંસા અને અરાજકતા ફેલાવનારાઓ સામે કડક, નિષ્પક્ષ અને કાયદેસરની કાર્યવાહી કરવી પડશે. બીજું, મજૂર સંગઠનો, વિદ્યાર્થીઓ, વિપક્ષ અને અન્ય સામાજિક સંગઠનો સાથે સંવાદ સ્થાપિત કરવો પડશે. વિરોધના અવાજને દબાવવાથી અસંતોષ દૂર થતો નથી, પરંતુ તે વધુ ઉગ્ર બની શકે છે. લોકશાહીમાં સરકારની તાકાત માત્ર બહુમતી કે સત્તામાં નથી, પરંતુ લોકોની વાત સાંભળવાની તેની તૈયારીમાં રહેલી છે. બાંગ્લાદેશની જનતાએ રાજકીય પરિવર્તન માટે મોટી કિંમત ચૂકવી છે. હવે તેમને વધુ આંદોલનો, હિંસા અને અસ્થિરતા જોઈતી નથી. તેમને રોજગારી, સુરક્ષા, સસ્તી જીવનજરૂરી ચીજવસ્તુઓ, શિક્ષણ અને પોતાના બાળકો માટે ઉજ્જવળ ભવિષ્ય જોઈએ છે. જો તારિક રહમાન સરકાર આ મૂળભૂત પ્રશ્નોના ઉકેલને પ્રાથમિકતા આપશે તો રાજકીય અસંતોષમાં ઘટાડો થઈ શકે છે. પરંતુ જો સરકાર માત્ર સત્તા ટકાવી રાખવા અને રાજકીય વિરોધીઓને નબળા પાડવામાં જ વ્યસ્ત રહેશે તો દેશ ફરી એકવાર અસ્થિરતાના માર્ગે ધકેલાઈ શકે છે. આજે બાંગ્લાદેશને બદલો લેવાની રાજનીતિ નહીં, પરંતુ વિશ્વાસનું રાજકારણ જોઈએ છે. હિંસાનો જવાબ હિંસાથી નહીં, પરંતુ કાયદા અને ન્યાયથી આપવો પડશે. રાજકીય મતભેદોને સંઘર્ષમાં ફેરવવાને બદલે સંવાદથી ઉકેલવા પડશે. સત્તા પરિવર્તનનો સાચો અર્થ ત્યારે જ સાબિત થશે જ્યારે સામાન્ય નાગરિકના જીવનમાં સુરક્ષા, સમૃદ્ધિ અને શાંતિનો અનુભવ થશે. તારિક રહમાન સરકાર માટે આ માત્ર શાસન ચલાવવાનો પડકાર નથી, પરંતુ બાંગ્લાદેશના લોકશાહી ભવિષ્યને નવી દિશા આપવાની ઐતિહાસિક તક પણ છે. જો સરકાર આ તકનો યોગ્ય ઉપયોગ નહીં કરે તો લોકોએ સત્તા પરિવર્તનથી રાખેલી આશાઓ ફરી એકવાર નિરાશામાં ફેરવાઈ શકે છે.

શબ્દ સંજોગ-૨૨૯૯



આડી ચાવી :
(૧) કાશી રાજાની પહેલી પુત્રી (૨)
(૩) .....કરોમાં ભવાની (૨)
(૬) કોટલું, ઘર (૩)
(૮) દક્ષિણ ભારતની એક વાનગી (૩)
(૧૦) ગાડું (૩)
(૧૨) સરખું, સમાન (૨)
(૧૩) એક રાશિ (૩)
(૧૬) થર, પડ (૨)
(૧૮) જયમાળા (૨)
(૧૯) ભાવ, તાત્પર્ય (૪)
(૨૧) ત્રીસ ઘડીનો કાળ (૩)
(૨૩) આનું અથાણું થાય (૪)
(૨૫) પાણીનું ઘન સ્વરૂપ (૩)
(૨૭) લાગો (૨)
(૨૮) મોર (૩)
(૨૯) ચામડીનો એક રોગ
.....ગરમી (૨)
(૩૦) ભટકેલ, બદમાશ (૩)
(૩૧) વસંત ઋતુનો પાક (૨)
(૩૨) જાડાશ, ઘનતા (૨)

ઊભી ચાવી :
(૧) દાબ, કાબૂ (૩)
(૨) ધાતુને લાગતો મેલ કે તેનો વિકાર (૨)
(૪) ઈરાન દેશ (૩)
(૫) અમદાવાદ - મુંબઈ વચ્ચે આવતું એક સ્ટેશન (૨)
(૬) સૈન્ય, છાવણી (૩)
(૭) કવિતા કરનાર (૨)
(૯) સઘળું, તમામ (૩)
(૧૧) કમળનું તળાવ સરોવર (૫)
(૧૪) કાંત, પતિ (૩)
(૧૫) દૂર, છેટું (૩)
(૧૭) લખેલું ભૂંસવા માટે વપરાય (૩)
(૨૦) ફાયદો, લાભ (૪)
(૨૨) વેગ, ઝડપ (૪)
(૨૪) અદબ, સભ્યતા (૪)
(૨૫) એક જાતનું વહાણ (૩)
(૨૬) કેરીની એક જાત (૩)

શબ્દ સંજોગ-૨૨૯૮ જવાબ

આડી ચાવી : (૧) સોમનાથ (૪) શાખા (૭) વડ (૮) ભારખાનું (૯) તક (૧૧) કનકવો (૧૩) સત્ય (૧૪) માજી (૧૫) સન (૧૬) સામ (૧૭) કાજ (૧૮) રાહ (૧૯) હક (૨૧) સાવ (૨૩) ગરજ (૨૫) હેરત (૨૭) વામ (૨૮) કવચ (૩૦) રસકસ (૩૧) ભાતીગળ.

ઊભી ચાવી : (૧) સોબત (૨) નાવ (૩) થડક (૪) શાભાકજી (શાકભાજી) (૫) ખારવો (૬) ખાનું (૧૦) કસમ (૧૨) નમાજ (૧૫) સહસા (૧૬) સારંગ (૧૭) કાક (૧૯) હજ (૨૦) શેર (૨૨) વળચળ (ચળવળ) (૨૪) રકાસ (૨૫) હેમ (૨૬) તકતી (૨૭) વાસ (૨૭) વગ.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૬૦	૧૯૧૦
ઘઉં લોકવન	૫૮૦	૬૯૦
ઘઉં ટુકડા	૫૯૦	૭૭૦
જુવાર સફેદ	૯૪૦	૧૫૩૦
જુવાર પીળી	૪૨૫	૫૩૫
બાજરી	૪૫૦	૬૨૫
તુવેર	૧૩૬૦	૨૦૪૮
ચણા પીળા	૧૪૬૦	૧૫૧૦
ચણા સફેદ	૧૬૬૫	૨૩૪૦
અડદ	૧૩૭૦	૨૦૬૦
મગ	૧૪૨૦	૧૭૩૪
વાલ દેશી	૪૦૦	૧૫૮૫
ચોળી	૧૦૫૯	૨૦૬૧
મઠ	૧૮૦૦	૨૪૦૦
વટાણા	૫૫૦	૯૦૯
કળથી	૭૧૧	૧૫૫૬
રાજમા	૧૬૫૦	૨૩૦૦
સીંગદાણા	૧૮૫૦	૨૦૫૦
મગફળી જાડી	૧૨૧૧	૧૭૪૫
મગફળી જીણી	૧૨૪૧	૧૮૩૦
તલી	૨૮૦૦	૩૨૮૨
એરંડા	૧૩૫૦	૧૫૬૫
અજમો	૩૩૦૦	૩૯૪૫
સુવા	૧૮૦૦	૧૯૫૦
સોયાબીન	૧૩૬૦	૧૫૭૩
સીંગફાડા	૧૬૫૫	૨૦૧૬
કાળા તલ	૩૦૫૦	૪૧૦૦
લસણ	૧૨૭૧	૨૫૭૫
ધાણા	૨૮૦૦	૩૧૦૫
મરચા સુકા	૩૦૫૦	૬૦૦૦
ધાણી	૨૮૫૦	૩૦૮૫
વરીયાળી	૨૦૪૦	૨૯૦૦
જીરૂ	૪૮૦૦	૫૨૪૦
રાય	૧૬૫૦	૨૦૧૬
મેથી	૯૮૫	૨૧૫૮
કલોંજી	૪૬૧૫	૫૨૭૬
રાયડો	૧૩૦૦	૧૩૯૦
રજકાનું બી	૫૬૦૦	૮૫૭૫
ગુવારનું બી	૧૪૦૦	૧૬૨૫

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૬૪૩	૧૩૨૧
પપૈયા	૧૮૪	૩૯૨
બટેટા	૯૩	૩૧૦
ડુંગળી સુકી	૨૬૫	૭૩૫
ટમેટા	૨૩૬	૪૫૨
સૂરણ	૪૧૫	૬૦૫
કોથમરી	૬૯૦	૯૯૭
મૂળા	૩૧૯	૫૦૬
રીંગણા	૧૮૪	૪૨૧
કોબીજ	૨૫	૫૦
ફ્લાવર	૨૨૩	૩૧૨
ભીંડો	૫૯૨	૭૯૫
ગુવાર	૮૧૬	૧૨૨૦
ચોળાસીંગ	૭૯૩	૯૮૬
વાલોળ	૪૫૪	૭૨૫
ટીંડોળા	૧૯૯	૪૮૩
દુધી	૩૦૩	૫૧૧
કારેલા	૧૮૯	૩૫૪
સરગવો	૬૨૬	૧૦૧૪

તુરીયા	૬૧૩	૯૯૬
પરવર	૪૨૬	૬૪૮
કાકડી	૫૨૫	૮૧૦
ગાજર	૩૦૬	૫૧૨
વટાણા	૮૬૬	૧૧૯૩
તુવેરસીંગ	૪૨૦	૬૩૦
ગલકા	૩૩૫	૫૧૭
બીટ	૧૨૫	૩૯૦
મેથી	૩૭૭	૫૯૬
વાલ	૮૧૭	૧૧૭૬
ડુંગળી લીલી	૨૫૨	૪૬૬
આદુ	૯૪૫	૧૨૪૦
મરચા લીલા	૨૨૫	૪૩૫
હળદર લીલી	૪૧૧	૬૨૨
લસણ લીલું	૧૮૯૫	૩૬૨૭
મકાઇ લીલી	૨૨૫	૩૪૦

ગોંડલ

કપાસ	૧૭૦૧	૧૯૦૧
ઘઉં લોકવન	૫૯૪	૬૪૨
ઘઉં ટુકડા	૫૮૦	૭૫૪
મગફળી જીણી	૧૧૧૧	૧૭૬૬
સિંગદાણા જાડા	૧૮૫૧	૨૧૪૧
સિંગ ફાડીયા	૧૧૦૦	૨૧૪૧
એરંડા / એરંડી	૧૩૨૬	૧૬૦૧
જીરૂ	૨૦૦૦	૫૨૩૧
કલંજી	૨૫૦૦	૫૧૨૧
ધાણા	૨૭૫૧	૩૨૦૧
અડદ	૮૫૧	૧૯૭૧
મઠ	૨૦૦૧	૨૦૦૧
તુવેર	૭૭૬	૧૯૭૧
રાયડો	૫૦૦	૧૮૦૦
મેથી	૯૭૬	૧૮૫૧
કાંગ	૭૭૬	૧૦૬૧
મગફળી જાડી	૧૦૬૧	૧૬૯૧
સફેદ ચણા	૧૫૫૧	૨૩૮૧
તલ - તલી	૨૬૦૦	૩૫૨૧
ધાણી	૨૮૦૧	૩૨૧૧
ડુંગળી સફેદ	૨૫૧	૩૫૬
બાજરો	૫૨૧	૫૪૧
જુવાર	૫૦૦	૧૮૦૧
મકાઇ	૪૫૧	૬૨૧
મગ	૧૨૦૧	૧૭૮૧
ચણા	૧૧૦૧	૧૫૦૬
વાલ	૭૦૦	૧૭૦૧
ચોળા / ચોળી	૧૨૦૦	૨૧૫૧
સોયાબીન	૧૩૫૧	૧૬૨૬
ગોગળી	૯૯૧	૧૪૪૧
વટાણા	૫૭૧	૯૮૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૪૦૦
મરચા	૨૦૦	૮૦૦
ગુવાર	૩૦૦	૧૨૦૦
કોબી	૪૦	૧૪૦
દુધી	૧૦૦	૬૦૦
ફ્લાવર	૩૦	૨૦૦
કાકડી	૩૦૦	૧૨૦૦
રીંગણા	૧૦૦	૬૦૦
ભીંડો	૪૦૦	૧૪૦૦
ગલકા	૩૦૦	૭૦૦
ગાજર	૩૦૦	૮૦૦

ટિંડોરા	૮૦	૬૦૦
તુવેર	૫૦૦	૮૦૦
વાલ	૫૦૦	૧૪૦૦
વટાણા	૬૦૦	૧૨૦૦
શક્કરીયા	૩૦૦	૬૦૦
બટેટા	૧૧૦	૨૬૦
અંબાળા	૬૦૦	૮૦૦
લીલી હળદર	૪૦૦	૮૦૦
ડુંગળી પુરા	૩	૧૦
તાંજરીયા પુરા	૨	૫
કોથમીર પુરા	૧	૪
મૂળા પુરા	૪	૮
ફોદીનો પુરા	૧	૩
શેરડી	૨૬૦	૨૮૦
પચકારુ	૩૦૦	૫૦૦
ઘીસોડા	૫૦૦	૧૪૦૦
લીંબુ	૨૦૦	૧૦૦૦
મેથી પુરા	૩	૬
બીટ પુરા	૪	૧૫
સરગવો પુરા	૧૦	૨૦
ચોરા	૪૦૦	૧૦૦૦
કારેલા	૧૮૦	૬૦૦
વાલોળ	૨૪૦	૭૦૦
કાચા પોપૈયા	૧૦૦	૨૦૦
આદુ	૮૦૦	૧૪૦૦
ફણશી	૮૦૦	૧૨૦૦
પાલક પુરા	૨	૩

અમરેલી

શિંગ મઠડી	૧૪૪૫	૧૪૮૫
શિંગ ગીરનાર	૧૦૫૦	૧૫૬૫
શિંગ મોટી	૧૨૦૦	૧૫૯૫
શિંગદાણા ફાડા	૧૪૦૦	૨૦૧૫
તલ સફેદ	૨૭૦૦	૩૫૦૦
તલ કાળા	૨૪૦૦	૪૨૦૦
તલ કાશમીરી	૨૯૦૦	૩૨૭૦
બાજરો	૫૭૦	૬૨૦
જુવાર	૧૧૦૦	૧૪૦૫
ઘઉં ટુકડા	૪૪૫	૭૦૦
ઘઉં લોકવન	૫૭૫	૬૫૦
મકાઈ	૬૦૫	૬૦૫
મગ	૮૦૦	૧૭૦૦
અડદ	૯૦૦	૧૬૫૦
ચણા	૧૨૦૦	૧૫૦૦
સફેદ ચણા	૧૦૨૦	૧૪૧૫
છોલે ચણા	૧૪૦૦	૨૦૮૫
વટાણા	૯૦૫	૯૦૫
તુવેર	૧૦૪૦	૧૮૦૦
કપાસ	૧૧૩૦	૧૯૧૫
એરંડા	૧૦૦૦	૧૫૮૫
જીરૂ	૩૫૦૦	૪૭૮૦
રાય	૧૮૦૦	૧૮૦૦
ધાણી	૧૮૦૦	૩૦૩૦
મેથી	૧૦૩૦	૧૪૨૦
સોયાબીન	૧૨૬૫	૧૫૩૦
મરચા લાંબા	૨૩૩૦	૫૭૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૨૦	૨૭૦
રીંગણા	૨૧૦	૬૨૦
ફ્લાવર	૧૫૦	૨૦૦
કોબીજ	૮૦	૧૨૦

શકકરીયા	૮૦૦	૯૦૦
ટમેટાં	૩૭૦	૪૨૦
સૂરણ	૯૨૦	૧૦૩૦
ગાજર	૫૦૦	૬૦૦
દુધી	૩૨૦	૪૨૦
કારેલા	૫૦૦	૬૦૦
ગલકા	૬૦૦	૭૦૦
મૂળા	૨૦૦	૨૫૦
કાકડી	૫૦૦	૭૦૦
ગુવાર	૫૦૦	૮૦૦
વાલોળ	૩૯૦	૪૯૦
વટાણા	૬૦૦	૭૦૦
ચોળા લીલા	૫૦૦	૬૦૦
તુરીયા	૯૨૦	૧૦૩૦
વાલ	૧૧૫૦	૧૨૨૦
લીલી તુવેર	૫૬૦	૮૦૦
ભીંડો	૮૦૦	૯૦૦
હળદર લીલી	૭૦૦	૮૦૦
આદુ	૧૦૦૦	૧૧૦૦
કોથમીર	૫૦૦	૮૦૦
મેથીભાજી	૩૨૦	૪૧૦
ફોદીનો	૭૦૦	૮૦૦
ટીંડોરા	૫૦૦	૬૦૦
બીટ	૫૨૦	૬૩૦
ચીભડા	૪૦૦	૮૦૦
સરગવો	૪૨૦	૮૦૦
લીંમડો મીઠો	૧૫૦	૧૮૦
મરચાં લીલાં	૪૨૦	૮૦૦
મરચાં લાલ	૪૦૦	૧૦૦૦
ડુંગળી લીલી	૪૦૦	૫૦૦
ડુંગળી સુકી	૩૦૦	૭૦૦
લસણ લી

કાર્યકર્તાઓના પરિશ્રમ અને આશીર્વાદથી વ્યક્તિને ઊંચું સ્થાન મળે છે : કૌશિક વેકરિયા

અમરેલી વિધાનસભા ખાતે નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૩

નૂતન વર્ષના પાવન અવસરે ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે અમરેલી વિધાનસભા ખાતે પણ સ્નેહમિલન કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. આ કાર્યક્રમમાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા અને ગુજરાત સહિત દેશભરના ભાજપના આગેવાનો, હોદ્દેદારો તથા કાર્યકરોને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવવાની સાથે કાર્યકરોને સંગઠનની શક્તિ, જનસેવા અને રાષ્ટ્રનિર્માણના કાર્યમાં સતત સક્રિય રહેવા માટે પ્રેરિત કર્યા હતા. તેમના પ્રેરણાદાયી સંદેશથી અમરેલી વિધાનસભા ખાતે ઉપસ્થિત કાર્યકરોમાં નવી ઊર્જા અને ઉત્સાહનો સંચાર થયો હતો. કાર્યકરોએ પણ પક્ષની વિચારધારાને જનજન સુધી પહોંચાડવા તથા સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે વધુ સક્રિયતાથી કામગીરી કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.





અમરેલી ખાતે યોજાયેલા આ સ્નેહમિલન કાર્યક્રમમાં ભાજપના સ્થાનિક આગેવાનો, વિવિધ હોદ્દેદારો, પક્ષના કાર્યકરો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌએ એકબીજાને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી અને પરસ્પર શુભકામનાઓની આપ-લે કરી હતી. નવા વર્ષના પ્રારંભે પક્ષના કાર્યકરો અને આગેવાનો વચ્ચે આત્મીયતા, ભાઈચારો અને સંગઠનાત્મક એકતાનું વાતાવરણ જોવા મળ્યું હતું.

અમોદ્રામાં મુળદાસ બાપાના મંદિરની ભવ્યપ્રતિષ્ઠા સંપન્ન

ઉના,તા.૨૩



ઉના તાલુકાના અમોદ્રા ગામે સંત શિરોમણી મુળદાસ બાપાના નવનિર્મિત મંદિરનો ત્રણ દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૧ નવેમ્બરે પૂર્ણ થયો હતો. અંતિમ દિવસે વિશ્વકર્મા ભગવાન, મુળદાસ બાપા સહિત દેવી-દેવતાઓની શોભાયાત્રા યોજાઈ હતી. વેદમંત્રોચ્ચાર સાથે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાઈ હતી. ત્યારબાદ બીડાહોમ, પૂર્ણાહુતિ અને મહાપ્રસાદ યોજાયાં હતાં. મહેશભાઈ કવાના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં સંતો, મહંતો અને સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી બાદ હવે સમગ્ર મંત્રીમંડળ આદિવાસી પટ્ટામાં ૭૨ કલાક રોકાશે

અમદાવાદ,તા.૨૩

ગુજરાતના આદિવાસી વિસ્તારોના વિકાસ અને સ્થાનિક પ્રશ્નોને સમજવા રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીના પ્રવાસ બાદ હવે સમગ્ર મંત્રીમંડળના મંત્રીઓ ૨૭થી ૨૯ નવેમ્બર દરમિયાન ૭૨ કલાકનો આદિવાસી પટ્ટાનો પ્રવાસ કરશે. આ પ્રવાસના આયોજન અંગે ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં તમામ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રવાસ દરમિયાન મંત્રીઓ વિવિધ જિલ્લાઓ અને તાલુકાઓમાં રોકાઈ સ્થાનિક લોકો સાથે સંવાદ કરશે તેમજ વિકાસકાર્યો અને સરકારી યોજનાઓની કામગીરીની વિગતો મેળવશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી છોટાઉદેપુરના જેતપુર પાવી જશે. કૌશિક વેકરિયા સાબરકાંઠાના ખેડબ્રહ્મા જશે. કનુભાઈ દેસાઈ ડાંગમાં જ્યારે કુંવરજી બાવળિયા નવસારીના વાંસદામાં રહેશે. નરેશ પટેલ દાહોદના ફતેપુરા અને પ્રફુલ પાનસેરિયા અરવલ્લીના ભિલોડાની મુલાકાત લેશે. અન્ય મંત્રીઓને પણ અલગ અલગ આદિવાસી વિસ્તારોની જવાબદારી સોંપવામાં આવી છે. આ પ્રવાસથી સ્થાનિક પ્રશ્નો અને વિકાસની જરૂરિયાતો અંગે સીધો પ્રતિસાદ મેળવવાનું આયોજન છે. પ્રવાસ દરમિયાન શિક્ષણ આરોગ્ય પીવાનું પાણી રસ્તા અને રોજગારી સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવશે. સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો સાથે બેઠકો યોજી પ્રશ્નોના ઉકેલ માટે ચર્ચા કરાશે.

ઉના શહેરના ગાયત્રી મંદિરે દેવ દિવાળીએ અન્નકૂટ દર્શન યોજાયા

ઉના, તા. ૨૩



ઉના શહેરના ગાયત્રી મંદિરે દેવ દિવાળીના પાવન પર્વે ગાયત્રી ચેરિટેબલ ટ્રસ્ટ અને ગાયત્રી ગરબી મંડળ દ્વારા અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. અન્નકૂટમાં વિવિધ વાનગીઓનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. સવારે ૮ થી સાંજે ૭ વાગ્યા સુધી દર્શન ખુલ્લાં રાખવામાં આવતાં વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. ભક્તોએ માતાજીનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગાયત્રી મંદિરમાં છેલ્લા ૩૧ વર્ષથી નવરાત્રિ મહોત્સવ અને દેવ દિવાળીએ અન્નકૂટ દર્શનની પરંપરા જળવાઈ રહી છે.

મંત્રી કૌશિક વેકરિયાએ મધરાત્રે બાઈક પર ગિરનાર લીલી પરિક્રમાની મુલાકાત લીધી

જૂનાગઢ,તા.૨૩



જૂનાગઢમાં ચાલી રહેલી પવિત્ર ગિરનાર લીલી પરિક્રમામાં લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા છે. આ દરમિયાન રાજ્યના સહપ્રભારી મંત્રી કૌશિક વેકરિયા મધરાત્રે ભવનાથ તળેટીથી બાઈક પર સવાર થઈ પરિક્રમાના અંતિમ પડાવ ગણાતા બોરદેવી મંદિર પહોંચ્યા હતા. ત્યાં તેમણે માતાજીનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ પરિક્રમા માર્ગ પર આવેલા કર્મનાથ અન્નક્ષેત્રની મુલાકાત લઈ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો અને સેવાકીય પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સુરત, બોટાદ, દ્વારકા સહિત વિવિધ જિલ્લાઓમાંથી આવી અન્નક્ષેત્ર ચલાવતા સેવાભાવી કાર્યકરો અને પંડાલોની મુલાકાત લીધી હતી. લાખો પરિક્રમાર્થીઓને પ્રેમપૂર્વક ભોજન કરાવતા સેવાર્થીઓની કામગીરીને બિરદાવી હતી. સાથે જ વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાની પણ નોંધ લીધી હતી.

સંવિધાન કોઈ પક્ષની મિલકત નહીં, પરંતુ દેશના કરોડો નાગરિકોના અધિકાર અને રાષ્ટ્રીય સ્વાભિમાનનો ગ્રંથ છે: ધારાસભ્ય મહેશ કસવાલા

ભાવનગર,તા.૨૩



ભાવનગર ખાતે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાએ પત્રકારો સાથે વાતચિત કરતા 'સંવિધાન ગૌરવ દિવસ' નિમિત્તે ભારતીય બંધારણના મહત્ત્વ પર પોતાના વિચારો રજૂ કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે ભારતનું સંવિધાન માત્ર કાયદાઓનો સંગ્રહ નથી, પરંતુ કરોડો નાગરિકોની આકાંક્ષાઓ, સમાનતા અને રાષ્ટ્રીય એકતાનો પાયો છે. પ્રેસ નોટ મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૫માં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે ૨૬ નવેમ્બરને 'સંવિધાન દિવસ' તરીકે ઉજવવાની ઐતિહાસિક પહેલ કરી હતી, જેનો ઉદ્દેશ બંધારણીય મૂલ્યોને સામાન્ય નાગરિકો અને યુવા પેઢી સુધી પહોંચાડવાનો છે. વધુમાં, આ નિવેદનમાં ૧૯૭૫ની કટોકટીનો ઉલ્લેખ કરીને કોંગ્રેસના શાસનકાળની ટીકા કરવામાં આવી છે અને રાહુલ ગાંધી દ્વારા સંવિધાનના નામે થતા રાજકીય પ્રચાર સામે સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

કાજલી માર્કેટિંગ યાર્ડ ખાતે ૯૦-સોમનાથ વિધાનસભાનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ઉના,તા.૨૩

ભારતીય જનતા પાર્ટીની પરંપરા મુજબ દર વર્ષે યોજાતા સ્નેહમિલન કાર્યક્રમ અંતર્ગત ૯૦-સોમનાથ વિધાનસભાનો કાર્યક્રમ કાજલી માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાયો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા અને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ માનસિંહ પરમાર, જિલ્લા ભાજપ પ્રમુખ સંજય પરમાર, પૂર્વ પ્રદેશ મંત્રી ઝવેરી ઠકરાર, પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પરમાર સહિત આગેવાનો, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સંગઠનની એકતા અને મજબૂતીનો સંદેશ અપાયો હતો.



ઉનાના સામતેરમાં બળદગાડામાં નીકળી ભગવાનની ભવ્ય જાન


ઉના,તા.૨૩



ઉના તાલુકાના સામતેર ગામે લક્ષ્મીનારાયણ મંદિરમાં પરંપરાગત તુલસી વિવાહ યોજાયો હતો. આ પ્રસંગે બળદગાડામાં ભગવાનની જાન કાઢવામાં આવી હતી. ઢોલ-નગારાના નાદ સાથે નીકળેલી જાન ગામના મુખ્ય માર્ગો પર ફરી હતી. સામતેર સહિત આસપાસનાં ગામોના મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. વરપક્ષે નિલેશભાઈ બાંભણિયા અને કન્યાપક્ષે ગોપાલભાઈ ગોહિલ યજમાન બન્યા હતા. શાસ્ત્રોક્ત વિધિથી તુલસીજી અને શાલિગ્રામ ભગવાનનાં લગ્ન સંપન્ન કરાયાં હતાં.

વિસાવદરના રબારીકામાં ખેડૂત પર હુમલો કરનાર સિંહણ પાંજરે પુરાઈ

જૂનાગઢ,તા.૨૩



જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના રબારીકા ગામે ખેડૂત પર સિંહણના જીવલેણ હુમલાની ઘટના બાદ વન વિભાગે કાર્યવાહી હાથ ધરી હતી. આજે ગીર પશ્ચિમ વન વિભાગના વિસાવદર રેન્જ વિસ્તારમાં આવેલા ફુલઝર નદીના કિનારે સિંહણને પાંજરામાં પૂરી લેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસ પહેલાં રબારીકા ગામમાં પોતાના ખેતરમાં ખેતીકામ કરી રહેલા ૫૫ વર્ષીય ખેડૂત પર અચાનક સિંહણે હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ખેડૂતનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો હતો. સિંહણ પકડાતાં સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

આઝાદીના દાયકાઓ બાદ પણ ગાંગડા ગામ બસ સ્ટેન્ડની સુવિધાથી વંચિત

૧૫થી વધુ ગામના મુસાફરોને હાલાકી; ઉનાળામાં તડકામાં અને ચોમાસામાં વરસાદમાં ઊભા રહી બસની રાહ જોવાની ફરજ

ઉના,તા.૨૩



ઉના તાલુકાના ગાંગડા ગામે આઝાદીના દાયકાઓ વીતી જવા છતાં મુસાફરો માટે બસ સ્ટેન્ડ કે શેડ જેવી પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ નથી. આસપાસનાં ૧૫થી વધુ ગામના લોકો અહીંથી અમદાવાદ, ભાવનગર, મહુવા, વેરાવળ, સોમનાથ, જૂનાગઢ અને ઉના તરફ અવરજવર કરે છે. દરરોજ સેંકડો મુસાફરો, વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગ બસમાં મુસાફરી કરે છે. તેમ છતાં મુસાફરોને બેસવા કે છાંયડામાં ઊભા રહેવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. ગામમાં ફોરટ્રેક રોડનું નિર્માણ થઈ ગયું છે, પરંતુ બસ સ્ટેન્ડ બનાવવાની બાબતે તંત્રનું ધ્યાન ગયું નથી. પરિણામે ઉનાળામાં કાળઝાળ તડકામાં અને ચોમાસામાં વરસાદમાં પલળીને મુસાફરોને બસની રાહ જોવી પડે છે. ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આથી તંત્ર દ્વારા તાત્કાલિક બસ સ્ટેન્ડ બનાવવામાં આવે તેવી લોકોની માંગ ઉઠી છે.

કોડીનાર તાલુકા પુસ્તકાલય ખાતે રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી

કોડીનાર,૨૩



તા. ૨૦/૧૧/૨૦૨૬ના રોજ સરકારી તાલુકા પુસ્તકાલય કોડીનાર ખાતે રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, પરીક્ષા અને કારકિર્દી લક્ષી માર્ગદર્શન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં પુસ્તકાલયના વિદ્યાર્થીઓ અને વાચકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રંગોળી સ્પર્ધામાં રિદ્ધિબેન કવાએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. અંતે વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા મદદનીશ ગ્રંથપાલ એ.કે. નકુમ અને પરમાર ગોપાલભાઈએ જહેમત ઉઠાવી હતી.

મહે. જાફરાબાદના જયુ.મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું. જાફરાબાદ

ફો.પ.અ.નં. ૧૭૯/૨૦૨૬

મુદત તા.૨૮/૧૨/૨૦૨૬

અરજદારશ્રી :- ખુમાણ ભાનુબાબેન દાનુભાઈ
તે વરૂ આપાભાઈ મામૈયાભાઈની પુત્રી
રહે. શાખપુર, તા.લાઠી, જી.અમરેલી
વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી/ ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મીઠાપુર, તા.મીઠાપુર, જી.અમરેલી.

અરજદારનાં વિ.વકીલશ્રી: બી.એલ.મહિડા

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારે તેમના પિતા વરૂ આપાભાઈ મામૈયાભાઈનાઓનુ અવસાન તા.૦૨/૦૪/૧૯૯૭ મોજે ગામઃ મીઠાપુર, તા. જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પિતાની મરણ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત તા.૨૮/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે.આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૩' મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

તૈયાર કરનાર સહી (આર.એચ.વાજા) આસીસ્ટન્ટ | મુક્કાબલ કરનાર સહી (વી.જે.પરમાર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી, સહી (એ.વી.સરવૈયા) ઈ.ચા.રજીસ્ટ્રાર જાફરાબાદ

શેરબજારમાં કડાકો: સેન્સેક્સ ૧,૪૮૪ અને નિફ્ટી ૪૫૦.૯૫ પોઈન્ટ તૂટ્યો

રોકાણકારોને ૩.૬.૩૯ લાખ કરોડનું નુકસાન

નવી દિલ્હી, તા.૨૩

સોમવારે ભારતીય શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી. બીએસઈ સેન્સેક્સ ૧,૪૮૩.૭૨ પોઈન્ટ ઘટીને ૮૨,૪૩૫.૯૯ પર, જ્યારે નિફ્ટી ૪૫૦.૯૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫,૩૪૯.૬૫ પર બંધ થયો હતો. બજારમાં કડાકાને કારણે રોકાણકારોની સંપત્તિમાં આશરે રૂ.૬.૩૯ લાખ કરોડનું ધોવાણ થયું હતું.



તાજેતરની તેજી બાદ નફો બુક કરવાની વૃત્તિ, અમેરિકાના વ્યાજદર વધવાની આશંકા, રૂપિયાની નબળાઈ અને વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતા ઘટાડાનાં મુખ્ય કારણો રહ્યાં હતાં. એચડીએફસી બેંક, ટાટા સ્ટીલ, એક્સિસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક અને એસબીઆઈના શેરમાં ભારે ઘટાડો નોંધાયો હતો. જોકે, આઈટી ક્ષેત્રના કેટલાક શેરમાં તેજી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ શેરો પણ વેચવાલીના દબાણ હેઠળ રહ્યા હતા. બજારની આગામી દિશા વૈશ્વિક સંકેતો અને વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિ પર નિર્ભર રહેશે.

એશિયા પાવર ઈન્ડેક્સમાં જાપાન અને રશિયાને પાછળ છોડીને ભારત ત્રીજા ક્રમે પહોંચ્યું

નવી દિલ્હી, તા.૨૩

વિશ્વસ્તરે ભારતની વધતી તાકાત અને પ્રભાવને વધુ એક આંતરરાષ્ટ્રીય માન્યતા મળી છે.

ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત થિંક ટેન્ક લોવી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જાહેર કરાયેલા એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૬માં ભારતે જાપાન અને રશિયાને પાછળ છોડીને ત્રીજું સ્થાન મેળવ્યું છે. આ ઈન્ડેક્સમાં ભારતનો પાવર સ્કોર ૪૦.૫



નોંધાયો છે. પ્રથમ સ્થાને ૭૮.૯ સ્કોર સાથે અમેરિકા અને બીજા સ્થાને ૭૩.૬ સ્કોર સાથે ચીન છે. જાપાન ૩૮.૬ સ્કોર સાથે ચોથા અને રશિયા ૩૨.૨ સ્કોર સાથે પાંચમા સ્થાને છે.

અહેવાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ બાદ એશિયાના બીજા સૌથી પ્રભાવશાળી નેતા ગણાવવામાં આવ્યા છે. ભારતનો રાજદ્વારી પ્રભાવ પણ મજબૂત હોવાનું અહેવાલમાં જણાવાયું છે. આ ઈન્ડેક્સમાં એશિયાના ૨૭ દેશો અને પ્રદેશોની શક્તિનું ૧૩૧ માપદંડોના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. ભારતની આ સિદ્ધિ તેની વધતી વૈશ્વિક ભૂમિકાનું પ્રતિબિંબ છે.

પપ્પુ યાદવના કાફલાનું એસ્કોર્ટ વાહન અકસ્માતગ્રસ્ત, પાંચ સુરક્ષાકર્મીઓ ઘાયલ

પટણા, તા.૨૩

બિહારના પૂર્ણિયાના અપક્ષ સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવના કાફલાનું એસ્કોર્ટ વાહન માર્ગ અકસ્માતનો ભોગ બન્યું હતું. આ અકસ્માતમાં પાંચ સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હતા, જ્યારે સાંસદ પપ્પુ યાદવનો આબાદ બચાવ થયો હતો. તેઓ પૂર્ણિયાથી કટિહારના સલમારી ખાતે મુશાયરા કાર્યક્રમમાં હાજરી આપવા જઈ રહ્યા હતા ત્યારે હલધરપુર-કોચરખલી પુલ પાસે આ ઘટના બની હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણ વર્ષથી પુલનું બાંધકામ ચાલી રહ્યું છે, છતાં સ્થળ પર પૂરતાં બેરિકેડ કે ચેતવણીનાં બોર્ડ લગાવવામાં આવ્યાં નથી. રસ્તાની બાજુમાં ઊંડી ખાઈ હોવાથી રાત્રિના સમયે અકસ્માતનું જોખમ રહે છે. ઘાયલ સુરક્ષાકર્મીઓને સામાન્ય ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાએ બાંધકામ સ્થળે સલામતી વ્યવસ્થાની ગંભીર ખામીઓ સામે ફરી સવાલો ઊભા કર્યા છે.

બિસ્લેરીના પાણીના નમૂનામાં બ્રોમેટનું પ્રમાણ મર્યાદા કરતાં વધુ મળ્યું, FSSAIએ કરી કાર્યવાહી

ગોવા,તા.૨૩

જાણીતી પેકેજ્ડ પીવાના પાણીની કંપની બિસ્લેરી ઈન્ટરનેશનલ સામે ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (એફએસએસએઆઈ) દ્વારા કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. લેબોરેટરી તપાસમાં કંપનીના પાણીનું એક નમૂનું અસુરક્ષિત જણાતાં વિવાદ સર્જાયો છે. આ મામલે કંપનીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે બિસ્લેરીનું પાણી પીવા માટે સુરક્ષિત છે અને આ મામલો આશરે ૧૪ મહિના જૂનો છે.




કંપનીના જણાવ્યા અનુસાર, સપ્ટેમ્બર ૨૦૨૫માં ગોવા સ્થિત ઉત્પાદન એકમમાં તૈયાર થયેલી એક ચોક્કસ બેચ સાથે આ મામલો સંકળાયેલો છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ એફએસએસએઆઈએ ગોવાના પ્લાન્ટમાંથી પાણીનાં છ નમૂના લીધા હતા. પ્રારંભિક તપાસમાં પાંચ નમૂના તમામ માપદંડો પર ખરા ઉતર્યા હતા. જોકે, છઠ્ઠા નમૂનામાં બ્રોમેટનું પ્રમાણ ૧૨ માઈક્રોગ્રામ પ્રતિ લિટર નોંધાયું હતું, જ્યારે નિર્ધારિત મર્યાદા ૧૦ માઈક્રોગ્રામ પ્રતિ લિટર છે. આ અંગે કંપનીએ પોતાનો પક્ષ રજૂ કર્યો છે.

માતા વૈષ્ણોદેવી મંદિરે ૨૦૨૬માં અત્યાર સુધીમાં ૮૭ લાખ ભક્તોએ કર્યા દર્શન

કટરા, તા.૨૩

જમ્મુ-કાશ્મીરના ત્રિકુટા પર્વત પર આવેલા માતા વૈષ્ણોદેવી મંદિરે આ વર્ષે દર્શનાર્થીઓનો નવો રેકોર્ડ બનાવ્યો છે. શ્રાઈન બોર્ડના જણાવ્યા અનુસાર, ૨૦૨૬માં અત્યાર સુધીમાં ૮૭ લાખ શ્રદ્ધાળુઓએ માતાજીનાં દર્શન કર્યા છે. વર્ષ પૂરું થાય તે પહેલાં યાત્રાળુઓની સંખ્યા એક કરોડને પાર થવાની શક્યતા છે. ગયા વર્ષે કુલ ૬૯.૭૮ લાખ ભક્તોએ દર્શન કર્યા હતા. યાત્રાળુઓની વધતી સંખ્યા પાછળ સુધારેલી વ્યવસ્થા અને સુવિધાઓને મુખ્ય કારણ માનવામાં આવે છે.



યુપી વિધાનસભા ચૂંટણી પહેલાં ભાજપની તૈયારીઓ તેજ, ધારાસભ્યોને ૫૦ અને સાંસદોને ૧૦ ચૌપાલ યોજવાનો લક્ષ્યાંક

નવી દિલ્હી, તા.૨૩

ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે સંગઠન મજબૂત કરવાની કવાયત તેજ કરી છે. ભાજપના યુપી પ્રભારી વિનોદ તાવડેએ વર્ચ્યુઅલ બેઠકમાં ધારાસભ્યો, સાંસદો અને એમએલસીને જનસંપર્ક અભિયાનની જવાબદારી સોંપી હતી. ધારાસભ્યોને ૫ ડિસેમ્બર



સુધીમાં પોતાના મતવિસ્તારમાં ૫૦ અને સાંસદોને ૧૦ ચૌપાલ યોજવાનો લક્ષ્યાંક અપાયો છે. ભાજપના ધારાસભ્યો ન હોય અથવા પક્ષની સ્થિતિ નબળી હોય તેવા વિસ્તારોમાં એમએલસી અને રાજ્યસભાના સાંસદો ચૌપાલ યોજશે. બેઠકમાં એસઆઈઆર દરમિયાન ગેરહાજર રહેલા ૮૭ લાખથી વધુ લોકોને મતદાર યાદીમાં નામ નોંધાવવા પ્રોત્સાહિત કરવાનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત રાજ્યની તમામ ૪૦૩ બેઠકો પર સંગઠન મજબૂત કરવા ૧,૭૩,૭૩૦ બૂથ પ્રમુખોને સક્રિય કરવા અને કાર્યકરોને ઘરે-ઘરે સંપર્ક કરવાની સૂચના અપાઈ હતી. ચૂંટણીલક્ષી કામગીરીમાં સંકલન વધારવા પણ ભાર મૂકાયો હતો.

પંજાબમાં વિધાનસભાની ચૂંટણીને લઈ વિદેશી પંજાબીઓ કેનેડાથી અમેરિકા સુધી ચૂંટણી પ્રચારમાં સક્રિય રહેશે

ચંડીગઢ, તા.૨૩

પંજાબના રાજકારણમાં વિદેશમાં વસતા પંજાબીઓની ભૂમિકા સતત મહત્ત્વપૂર્ણ બની રહી છે. કેનેડા, અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને યુરોપના દેશોમાં વસતા એનઆરઆઈ ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષોના સમર્થનમાં પ્રચાર કરે છે. અનેક એનઆરઆઈ નોકરી અને વ્યવસાયમાંથી સમય કાઢીને



પંજાબ આવી ઉમેદવારો માટે પ્રચાર પણ કરે છે. કેટલાક વિદેશી પંજાબીઓએ વિદેશી નાગરિકતા છોડીને ભારતીય નાગરિકતા અપનાવી ચૂંટણી રાજકારણમાં પ્રવેશ કર્યો છે. ખાસ કરીને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ 'ચલો પંજાબ' અભિયાન દ્વારા વિદેશી સમર્થકોને જોડ્યા હતા. પક્ષના દાવા મુજબ, ૩૫ હજાર જેટલા એનઆરઆઈ સ્વયંસેવકોએ ૧૧૭ બેઠકો પર પ્રચાર કર્યો હતો. જોકે, ૨૦૨૨માં કોરોના મહામારી અને પક્ષના આંતરિક વિવાદોને કારણે વિદેશી પંજાબીઓની ભાગીદારી ઘટી હતી. કોંગ્રેસ અને અકાલી દળે પણ વિદેશમાં વસતા પંજાબીઓનો ટેકો મેળવવા પ્રયાસો કર્યા હતા.

લોકશાહીમાં નિર્ણયોની ટીકા કરવાનો અધિકાર છે, પરંતુ સંસ્થાઓનું સન્માન જાળવવું જરૂરી: સીજેઆઈ સૂર્યકાંત

શિમલા, તા.૨૩

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે લોકશાહીમાં નાગરિકોને બંધારણીય સંસ્થાઓના નિર્ણયોની ટીકા કરવાનો સંપૂર્ણ અધિકાર છે, પરંતુ સંસ્થાઓને નિશાન બનાવવાનું ટાળવું જોઈએ. નિર્ણય અને નિર્ણય આપનારી સંસ્થા વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. ધર્મશાલામાં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ હિમાચલ પ્રદેશના ૧૦મા



પદવીદાન સમારોહમાં તેમણે આ વાત કહી હતી. તેમણે વિદ્યાર્થીઓને ધીરજ, મહેનત અને દૃઢ નિશ્ચય સાથે લક્ષ્ય હાંસલ કરવા પ્રેરણા આપી હતી. સમારોહમાં ૭૦૨ વિદ્યાર્થીઓને ડિગ્રી અને ૩૨ વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ વિદ્યાર્થીઓને સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી નિભાવવાની અપીલ કરી હતી. રાજ્યપાલ કવિન્દર ગુપ્તાએ પણ સંશોધન અને શૈક્ષણિક શ્રેષ્ઠતા પર ભાર મૂક્યો હતો.

હૈદરાબાદમાં હોટેલ અને રેલવે સ્ટેશનને નિશાન બનાવવાની ચેતવણી


હૈદરાબાદ, તા.૨૬

૨૬ નવેમ્બરે મુંબઈ હુમલા જેવી આતંકવાદી ઘટનાની ધમકી મળતાં હૈદરાબાદ પોલીસ સતર્ક થઈ છે. લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હોવાનો દાવો કરતા એક અજાણ્યા શખ્સે પોલીસને ઈમેલ મોકલી શહેરમાં બે બોમ્બ વિસ્ફોટ કરવાની ધમકી આપી છે. ઈમેલમાં કાચીગુડાની હોટેલ ટુરિસ્ટ પ્લાઝા અને કાચીગુડા રેલવે સ્ટેશનને નિશાન બનાવવાની ચેતવણી આપવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરમાં લશ્કર-એ-તૈયબાના સભ્ય લતીફ ભટની હત્યાનો બદલો લેવાની વાત પણ ઈમેલમાં કરવામાં આવી છે. ધમકીમાં ૩૦૦થી વધુ લોકોના જીવ જોખમમાં હોવાનો દાવો કરાયો છે. પોલીસે બંને સ્થળો સહિત સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વધારી, પેટ્રોલિંગ તેજ કર્યું છે. લોકોને શંકાસ્પદ વસ્તુઓ અંગે પોલીસને જાણ કરવા અપીલ કરાઈ છે.

ભારતનું ભવિષ્ય તેના પ્રાચીન સંસ્કાર અને જ્ઞાનના પાયા પર રચાવું જોઈએ : મોહન ભાગવત

મુઝફ્ફરનગર, તા.૨૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવત બે દિવસની મુલાકાતે ઉત્તર પ્રદેશના શુકતીર્થ પહોંચ્યા હતા. અહીં તેમણે શુકદેવ આશ્રમમાં શિક્ષણઋષિ સ્વામી કલ્યાણદેવ મહારાજની સમાધિ પર પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે સ્વામી કલ્યાણદેવના નિઃસ્વાર્થ સમાજસેવા અને સનાતન ધર્મના પ્રચારમાં



આપેલા યોગદાનને યાદ કર્યું હતું. આશ્રમના પીઠાધીશ્વર સ્વામી ઓમાનંદ બ્રહ્મચારીએ તેમનું સ્વાગત કરી સંતના જીવનકાર્યની માહિતી આપી હતી. સ્વામી કલ્યાણદેવે ૩૦૦થી વધુ શૈક્ષણિક અને તબીબી સંસ્થાઓની સ્થાપનામાં યોગદાન આપ્યું હતું. ભાગવતે આશ્રમમાં સાદું ભોજન પણ લીધું હતું. આ મુલાકાત દરમિયાન વૈદિક મંત્રોચ્ચાર અને ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આશ્રમના ટ્રસ્ટીઓ સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

યમનમાં હુથી બળવાખોરો પર સાઉદી અરેબિયાએ ૨૪ કલાકમાં ૮૧ હવાઈ અને મિસાઈલ હુમલા કર્યા

તેહરાન, તા.૨૩

સાઉદી અરેબિયા અને યમનના હુથી બળવાખોરો વચ્ચે સંઘર્ષ વધુ ઉગ્ર બન્યો છે. હુથી લશ્કરી પ્રવક્તા બ્રિગેડિયર જનરલ યાહ્યા સરીના જણાવ્યા અનુસાર, સાઉદી અરેબિયાએ છેલ્લા ૨૪ કલાકમાં યમનની રાજધાની સના સહિત વિવિધ વિસ્તારોમાં ૮૧ હવાઈ અને મિસાઈલ હુમલા કર્યા છે. અલ-જૌફ, તાઈઝ, સાદા,



મારિબ, લહજ, અલ-બૈદા અને અલ-હુદાયદાહ પ્રાંતોને પણ નિશાન બનાવવામાં આવ્યા હોવાનો દાવો કરાયો છે. આ હુમલાઓમાં અનેક નાગરિકોનાં મોત થયાં હોવાનો અને કેટલાક લોકો ઘાયલ થયાનો દાવો કરવામાં આવ્યો છે. હુથી પ્રવક્તાના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં સાઉદી હુમલાઓની સંખ્યા ૫,૫૮૧ થઈ છે. વર્ષ ૨૦૧૪થી યમનમાં ચાલી રહેલા ગૃહયુદ્ધને કારણે સ્થિતિ ગંભીર બની છે. તાજેતરમાં યુદ્ધવિરામ ભંગ થતાં ફરી હિંસક અથડામણો શરૂ થઈ છે. જોકે, હુથીઓના દાવાની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

ઓપરેશન સિંદૂર દરમિયાન ચીને પાકિસ્તાનને લશ્કરી મદદ કરી હોવાનો અમેરિકી અહેવાલમાં દાવો

વોશિંગ્ટન, તા.૨૩

અમેરિકાની યુએસ-ચીન આર્થિક અને સુરક્ષા સમીક્ષા પંચે પોતાના વાર્ષિક અહેવાલમાં દાવો કર્યો છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન ચીને પાકિસ્તાનને લશ્કરી સહાય પૂરી પાડી હતી. અહેવાલ મુજબ, ભારતના વધતા પ્રભાવને મર્યાદિત કરવાની ચીનની વ્યાપક વ્યૂહરચનાનો આ એક ભાગ



હતો. મે ૨૦૨૫ના ભારત-પાકિસ્તાન સંઘર્ષનો ઉલ્લેખ કરીને પંચે જણાવ્યું કે ચીને સીધા યુદ્ધમાં જોડાયા વિના પાકિસ્તાનને મદદ કરી હતી. ચીનની વધતી લશ્કરી ભાગીદારી ભારત માટે બે મોરચે યુદ્ધનું જોખમ ઊભું કરી શકે છે. અહેવાલમાં સરહદી દબાણ, આર્થિક પ્રતિબંધો અને દરિયાઈ વિસ્તરણ દ્વારા ભારતને પડકારવાની ચીનની નીતિ અંગે ચિંતા વ્યક્ત કરાઈ છે. સાથે જ ભારત અને અમેરિકા વચ્ચે ગુપ્તચર, દરિયાઈ સુરક્ષા અને ઉત્પાદન ક્ષેત્રે સહયોગ વધારવાની ભલામણ કરવામાં આવી છે.

ઘરકંકાસને કારણે વધુ એક પરિવાર વીખાયો

બાબરામાં પત્નીની હત્યા કર્યા બાદ પતિનો પુત્ર સાથે ઘોલેરામાં આપઘાત

બાબરા,તા.૨૩

બાબરા શહેરના નાના બસ સ્ટેન્ડ નજીક આવેલી ખોજા ખાના શેરીમાં મહિલાની હત્યાની ઘટના સામે આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. મૃતક મહિલાની ઓળખ શારદાબેન વિનોદભાઈ ગોહિલ (ઉંમર આશરે ૪૦ વર્ષ) તરીકે થઈ છે. ભરચક વિસ્તારમાં બનેલી આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં અરેરાટી ફેલાઈ છે.આ બનાવ અંગે બાબરા પોલીસ ઈન્સ્પેક્ટર ઔસુરાએ 'સંજોગ ન્યૂઝ'ને જણાવ્યું હતું કે, શારદાબેન અને તેમના પતિ વિનુભાઈ ગોહિલ વચ્ચે છેલ્લા ઘણા સમયથી



પારિવારિક ઝઘડો ચાલતો હતો. આ ઝઘડાએ બે દિવસ પહેલાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. દરમિયાન આરોપી પતિ વિનુભાઈએ પોતાની પત્ની શારદાબેનના માથામાં બોથડ પદાર્થના ઘા મારી તેમની હત્યા કરી નાખી હતી. હત્યા કર્યા બાદ આરોપી ઘોલેરા તરફ નાસી ગયો હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે.ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પિતા-પુત્રએ ઝેરી દવા પી આપઘાત કર્યો

બાબરામાં પત્ની શારદાબેનની હત્યા નિપજાવ્યા બાદ આરોપી વિનુભાઈ પોતાના પુત્ર સોહન(ઉ.વ.૧૯) પાસે ઘોલેરા ખાતે નાસી ગયા હતા. જ્યાં પત્નીની હત્યા કર્યા બાદ પોતાના પુત્ર સોહન સાથે આરોપી વિનુભાઈએ ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. આમ, પત્નીની હત્યા અને આરોપી પતિએ પુત્ર સાથે ઝેરી દવા પી આપઘાત કરી લીધાની ઘટના સામે આવતા સમગ્ર બાબરા પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

પરિવાર મૂળ ઘોલેરા ગામનો હોવાનુ જાણવા મળ્યુ

જાણવા મળતી માહિતી મુજબ વિનુભાઈ ગોહેલ, તેમના પત્ની શારદા અને પુત્ર સોહન મૂળ ઘોલેરા ગામના હતા અને છેલ્લાં ૭ વર્ષથી બાબરા ખાતે આવીને રહેતા હતા. દંપતી વચ્ચે કોઈ વાતને લઈ છેલ્લાં ઘણા સમયથી ઝઘડો ચાલતો હતો. આ ઝઘડાએ વરવુ સ્વરૂપ ધારણ કરતા કરતા આરોપી વિનુભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને પત્ની શારદાબેનને માથામાં આડેધડ ધોકાના ઘા મારતા શારદાબેનનું સ્થળ પર મોત થઈ ગયુ હતુ. જો કે પુત્ર દિવાળી સમયથી ઘોલેરા ખાતે રહેતો હોય આરોપી વિનુભાઈ પત્નીની હત્યા કર્યા બાદ ઘોલેરા ખાતે નાસી ગયા હતા.

અમદાવાદમાં નશાના વેપારીઓ સામે તવાઈ, મકાનો પર બુલડોઝર ફેરવાયું

અમદાવાદ,તા.૨૩

ગુજરાતમાં નશાના કારોબાર સામે પોલીસે કાર્યવાહી તેજ કરી છે. અમદાવાદના સરખેજમાં ગાંજાના ગુનામાં સંડોવાયેલા સુનિતા રાઠોડ અને તેના પતિ દીપક રાઠોડનું સરકારી જમીન પર બનેલું મકાન તોડી પાડવામાં આવ્યું હતું. આરોપી પાસેથી અગાઉ બે કિલોથી વધુ ગાંજો અને ૫૩ લાખની રોકડ મળી આવી હતી. એનડીપીએસના આરોપી બાબુ છારા અને તેની પત્નીનું મકાન પણ તોડી પડાયું હતું. દાણીલીમડામાં કાઈમ બ્રાંચે ૪૫.૮૯૦ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે હમીદાબાનુ શેખની ધરપકડ કરી હતી. બીજી તરફ રાજકોટમાં એસઓજીએ વિવેક ઉર્ફે બારોટ દિનેશ સોનરાતને ૧૦.૨૭ ગ્રામ મેફેડ્રોન સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે બંને શહેરોમાં ડ્રગ્સના નેટવર્ક અંગે વધુ તપાસ હાથ ધરી છે.

સિંગતેલનો ૧૫ કિલોનો ડબો ૩.૪૦૦૦ને આંબી જાય તેવી શક્યતા, મગફળીના ઉત્પાદનમાં ૨૦.૫ ટકાના ઘટાડાની આગાહી

અમદાવાદ,તા.૨૩

દિવાળીના તહેવારો પૂર્ણ થયા બાદ હવે મોંઘવારીની અસર રસોડાના બજેટ પર જોવા મળી રહી છે. સિંગતેલના ભાવમાં આગામી દિવસોમાં મોટો ઉછાળો આવવાની શક્યતા છે. હાલમાં ૧૫ કિલોના ડબાનો ભાવ અંદાજે રૂ.૩૩૦૦ છે ત્યારે વેપારીઓના મતે ભાવ વધીને રૂ.૩૮૦૦થી



રૂ.૪૦૦૦ સુધી પહોંચી શકે છે. આ વર્ષે મગફળીના ઉત્પાદનમાં ૨૦.૫ ટકાનો ઘટાડો થવાની આગાહીથી તેલના બજારમાં ચિંતા વધી છે. ખાસ કરીને તેલ કાઢવા માટે ઉપયોગમાં લેવાતી સારી ગુણવત્તાની જી-૨૦ મગફળીની અછત સર્જાવાની શક્યતા છે. બીજી તરફ ખારી સિંગ ચેવડો અને અન્ય ફરસાણમાં મગફળીની માગ વધતાં તેલ મિલો માટે પૂરતો જથ્થો ઉપલબ્ધ થવો મુશ્કેલ બની શકે છે. તાજેતરમાં સરકારે ચાર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે. ઓછા વરસાદની અસર મગફળીના પાક પર પડી છે. ઉત્પાદન ઘટશે તો સિંગતેલના ભાવમાં વધારો થવાની શક્યતા છે.

પરિણામે સામાન્ય પરિવારોના ઘરખર્ચમાં વધુ વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે

અમદાવાદના નિકોલમાં ફટાકડાના સ્ટોલમાં આગ બાદ એએમસીને ફરિયાદ નોંધવા આદેશ


અમદાવાદ,તા.૨૩

અમદાવાદના નિકોલ વિસ્તારમાં બેસતા વર્ષની વહેલી સવારે ફટાકડાના સ્ટોલ અને લારીઓમાં આગ લાગવાની ઘટના બાદ એએમસી તંત્ર હરકતમાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ પરવાનગી વિના ફટાકડાનું વેચાણ કરનાર જવાબદારો સામે બે દિવસમાં પોલીસ ફરિયાદ નોંધવા સૂચના આપી છે. ઉમા સ્કૂલ સામે શુકન ચાર રસ્તા તરફ જવાના રોડ પર ફટાકડાના સ્ટોલમાં આગ લાગ્યા બાદ નજીકના અન્ય સ્ટોલમાં પણ આગ ફેલાઈ હતી. ફટાકડા ફૂટતાં રોકેટ અને સ્કાય શોટ આસપાસની દુકાનો તરફ જતાં ભયનો માહોલ સર્જાયો હતો. નિકોલ, ગોમતીપુર અને નરોડા ફાયર સ્ટેશનની ટીમોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. પૂર્વ ઝોનનો એસ્ટેટ અને ફાયર વિભાગ જવાબદારોની વિગતો એકત્રિત કરી રહ્યો છે.

વડતાલમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું નિવેદન: "અહીં અમારી તાકાત છે એટલે તાકાત લેવા આવવું પડે છે"

ખેડા, તા.૨૩

ખેડા જિલ્લાના વડતાલમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપેલું રાજકીય નિવેદન ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં સંબોધન દરમિયાન મુખ્યમંત્રીએ હળવા અંદાજમાં કહ્યું હતું કે અહીં અમારી તાકાત છે એટલે તાકાત લેવા આવવું પડે છે. તેમના આ નિવેદનથી રાજકીય



વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. મુખ્યમંત્રીએ વડતાલને પોતાની તાકાત ગણાવી અહીંથી શક્તિ મેળવવા આવવું પડે છે તેવો ઉલ્લેખ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં વડતાલના સંતો દ્વારા ભાજપના સમર્થનમાં ખુલ્લેઆમ આહવાન કરવામાં આવ્યું હોવાનો પણ ઉલ્લેખ થઈ રહ્યો છે. આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ નિવેદનને રાજકીય દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

જોકે મુખ્યમંત્રીએ આ ટિપ્પણી કયા ચોક્કસ રાજકીય સંદર્ભમાં કરી હતી તે અંગે સ્પષ્ટતા સામે આવી નથી. વડતાલના ધાર્મિક અને રાજકીય માહોલમાં આ નિવેદન ચર્ચાનો વિષય બન્યું છે. મુખ્યમંત્રીના આ નિવેદન બાદ આગામી દિવસોમાં રાજકીય નેતાઓ અને કાર્યકરોમાં પણ તેની ચર્ચા વધુ તેજ બને તેવી શક્યતા છે રાજકીય ચર્ચાઓ વચ્ચે ખાસ ધ્યાન ખેંચ્યું છે.

ઝારખંડના શિખરજી તીર્થધામ પાસે ગમખ્વાર અકસ્માતમાં સુરતના જૈન દંપતીનાં મોત

સુરત,તા.૨૩

ઝારખંડના પ્રસિધ્ધ જૈન તીર્થસ્થળ સમ્મેદ શિખરજી પાસે મોડી રાત્રે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં સુરતના જૈન શ્રધ્ધાળુ દંપતીનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૧૨થી વધુ યાત્રાળુઓ ઘાયલ થયા હતા. મળતી માહિતી મુજબ સુરતથી જૈન શ્રધ્ધાળુઓ શિખરજીની યાત્રા પૂર્ણ કરીને ટાટાનગર જવા રવાના થયા હતા. ત્યાંથી ટ્રેન મારફતે ગુજરાત પરત ફરવાનું આયોજન હતું. દરમિયાન રાત્રે આશરે ૧૦ વાગ્યે પારસનાથ નજીક તેમનું વાહન અકસ્માતનો ભોગ બન્યું હતું. આ દુર્ઘટનામાં સુરતના બાબૂલાલ વંશરાજ જૈન અને તેમની પત્ની બદામી દેવીનાં કરુણ મોત નીપજ્યાં હતાં. અકસ્માતમાં ઘાયલ થયેલા



શ્રધ્ધાળુઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પવિત્ર તીર્થયાત્રા પૂર્ણ કરીને વતન પરત ફરી રહેલા દંપતીનાં મોતના સમાચારથી સુરતના જૈન સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. પરિવારજનોમાં પણ શોકનો માહોલ છવાયો છે. હાલમાં ઘાયલોની સારવાર ચાલી રહી છે.

નવસારીમાંથી રૂા.૩.૨૮ કરોડનો હાઈબ્રિડ ગાંજો ઝડપાયો

નવસારી,તા.૨૩

નવસારી એલસીબી અને ગણદેવી પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી આંતરરાજ્ય ડ્રગ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

ખારેલ ટોલ પ્લાઝા નજીક બે કાર રોકીને તપાસ કરતાં રૂ.૩.૨૮ કરોડની કિંમતનો ૯.૩૭૫ કિલો હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો.



પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી મહિન્દ્રા થાર, હ્યુન્ડાઈ કેટા અને સાત મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ધરપકડ કરાયેલા આરોપીઓમાં વાપીનો પ્રમોદ પાઠક પણ સામેલ છે. તપાસમાં બેંગકોકના રોની સાથે તેના સંપર્કો હોવાનું સામે આવ્યું છે. આરોપીઓ વાપીથી વડોદરા ગાંજો પહોંચાડીને પરત ફરી રહ્યા હતા ત્યારે ઝડપાયા હતા. પ્રાથમિક તપાસમાં અન્ય નવ આરોપીઓનાં નામ ખુલતાં તેમને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે ડ્રગ્સની હેરાફેરીના આંતરરાષ્ટ્રીય નેટવર્ક અંગે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ હવે ઝડપાયેલા આરોપીઓના રિમાન્ડ મેળવી ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવતું હતું અને કોને પહોંચાડવાનું હતું તેની તપાસ કરશે.

સમગ્ર નેટવર્કના અન્ય સંડોવાયેલા શખ્સો સુધી પહોંચવા તપાસ તેજ કરાઈ છે. આરોપીઓના નાણાકીય વ્યવહારો અને મોબાઈલ રેકોર્ડની પણ તપાસ શરૂ કરાઈ છે.



